

હે જીવ ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામમાં તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા–ભોક્તા પણ નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર.

—માર્ગપ્રકાશક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૦૨) * આત્મધર્મ * (અંક-૬ વર્ષ-૫૦) વીર સં. ૨૫૨૦ ડિસેમ્બર, ૧૯૯૩

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* જેટલો અનુરાગ વિષયોમાં કરે છે—મિત્ર, પુત્ર, ભાર્યા અને ધન-શરીરમાં કરે છે—તેટલી રુચિ-શ્રદ્ધા-પ્રતીતિભાવ સ્વરૂપમાં તથા પંચપરમગુરુમાં કરે તો મોક્ષ અતિ સુગમ થાય. જેમ સંધ્યાનો લાલ સૂર્ય અસ્તતાનું કારણ છે તથા પ્રભાતની લાલાશ સૂર્યોદયને કરે છે, તેમ વિવિધ પરમગુરુ વિના શરીરાદિનો રાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે અને પંચપરમગુરુનો રાગ કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે. એવો પંચપરમગુરુ-રાગ છે. (૩૬૩) ( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯૩ )

* કર્મરૂપી શત્રુઓંકો પકડનેકી ઇચ્છા કરનેવાલે બુદ્ધિમાનોંકો સંસાર-ભોગ ઔર શરીરમેં વૈરાગ્ય બડી બુદ્ધિમાનીકે સાથ સદા ભાવના યોગ્ય હૈ. (૩૬૪) ( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૨૭ )

* હે આત્મન્! જેમ પરપદાર્થોને પ્રતિદિન તું સ્મરે છે તેમ જો શુદ્ધ આત્મસ્વરૂપને ( સ્મરે ) તો મોક્ષ શું તને હસ્તગત ન થાય? (૩૬૫)
( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૫, ગાથા-૬ )

* માતાના ગર્ભમાં રહેવાથી જે દુઃખ થાય છે તે નરકની માફક અતિશય તીવ્ર હોય છે તથા કુંભીપાક સમાન હોય છે. ( ઘડાની માફક શરીરને અગ્નિમાં નાંખે છે. ) નરકમાં નારકીજીવ અન્ય નારકીને ખૂબ રીબાવી-રીબાવીને બાળે છે તેવું દુઃખ ગર્ભમાં જીવને થાય છે. વળી ગર્ભાશય રુધિરથી અતિશય ઘૃણાસ્પદ હોય છે. એવા ગર્ભમાં મારે રહેવું પડશે એવો ભય જેના મનમાં ઉત્પન્ન થવાથી, તેનાથી દૂર રહેવા માટે મુનિરાજ હંમેશા જિનવાણીના ચિંતવનમાં તત્પર થાય છે. (૩૬૬)
( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર-અણગાર ભાવના, ગાથા-૪૧ )

કહાન
સંવત-૧૪
વર્ષ-૫૦
અંક-૬
[ ૬૦૨ ]

વીર
સંવત
૨૫૨૦
સં. ૨૦૫૦
DEC.
A.D. 1993




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ૐ સુખ-દુ:ખની કલ્પના કર્મજન્ય છે ૐ

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૫ )

શ્રી પરમાત્મપ્રકાશની આ ૬૩ મી ગાથા ચાલે છે.

પાંચ ઇન્દ્રિય, મન, વિભાવ અને ચારગતિના દુ:ખ આ બધું ચૈતન્યતત્ત્વથી ભિન્ન છે. તો એ કોનાથી થયા છે? કે—અશુદ્ધ નિશ્ચયનયથી આત્મજ્ઞાનના અભાવથી ઉપાર્જન કરેલા કર્મોથી જીવને ઉત્પન્ન થયા છે માટે તે બધાં જીવના નથી, કર્મજનિત છે.

ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકપિંડ પ્રભુમાં આ ઇન્દ્રિયાદિ કોઈ નથી, તેનાથી તો એ ભાવો જુદાં છે. તો આ પાંચ ઇન્દ્રિય, મન, અનેક પ્રકારના વિભાવભાવ અને ચારગતિના દુ:ખરૂપ ભાવો ઊભા ક્યાંથી થયાં? એમ પ્રશ્ન થાય છે તેનો ઉકેલ એ છે કે આત્મા પોતે જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિ ગુણોનો પિંડ છે પણ એવા આત્મસ્વરૂપનું જ્ઞાન નથી તેથી જીવને કર્મો બંધાય છે અને એ કર્મો વડે આ ઇન્દ્રિયાદિ ચાર બોલ ઊભા થયા છે.

વસ્તુ પોતે વિજ્ઞાનઘન છે, નિત્ય આનંદમય છે પણ એવા સ્વવસ્તુના જ્ઞાનના અભાવે પરના લક્ષમાં જીવની પર્યાયમાં વિભાવ આદિ ઉત્પન્ન થયા છે. અશુદ્ધનિશ્ચયનયથી જીવે જે અજ્ઞાન કર્યું તે જીવનો ભાવ છે. શુદ્ધ ચિદાનંદ એવા સ્વ-સ્વભાવના બોધનો અભાવ છે તે જીવે પોતે પોતાની પર્યાયમાં અજ્ઞાન ઊભું કર્યું અને તેનાથી કર્મો ઊપજ્યા અને કર્મોથી આ વિભાવ આદિ ચાર ભાવો ઉત્પન્ન થાય છે.

પહેલાં સામાન્ય વાત કરી કે શુદ્ધ ચિદ્દઘન વસ્તુની દૃષ્ટિ અને બોધનો અભાવ કોણે કર્યો ?—કે પોતે જ પોતાના જ્ઞાનનો અભાવ પર્યાયમાં કર્યો અને તેનાથી કર્મો બંધાયા અને એ કર્મથી આ ચાર ભાવ ઉત્પન્ન થયા છે માટે એ પોતાની વસ્તુ નથી.

વિજ્ઞાનઘન ચિદ્દઆત્માની આ ઇન્દ્રિયો નથી, મન તેનું નથી, વિભાવો તેના નથી અને ચારગતિના દુઃખો પણ તેના નથી કેમકે, વસ્તુના સ્વભાવમાં આ કોઈ નથી. આ કોઈ ભાવો ચૈતન્યસ્વરૂપ નથી અને ચૈતન્ય વડે ઉત્પન્ન થયેલા નથી. વસ્તુના અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થયાં હતાં એ કર્મ વડે આ ચાર ભાવો ઉત્પન્ન થયાં છે. માટે એ આત્માના નથી. આ અપેક્ષાએ જીવના નથી પણ કર્મજનિત છે એમ સમજવું. પણ તેનો અર્થ એમ ન લેવો કે, બધું કર્મજનિત જ છે જીવનો કંઈ દોષ જ નથી. એટલે જ પહેલાં કહ્યું છે કે વસ્તુનું અજ્ઞાન તો પોતે કર્યું છે. સ્વરૂપના ભાનનો—બોધનો અભાવ પોતે જ કર્યો છે.

વસ્તુના બોધસ્વભાવના ભાન વિના પર્યાયમાં અજ્ઞાન એણે પોતે જ ઊભું કર્યું છે. દ્રવ્ય, ગુણમાં અજ્ઞાન નથી પણ પર્યાયમાં પોતે અજ્ઞાન ઊભું કર્યું છે. તેનાથી કર્મો ઉત્પન્ન થયાં છે અને એ કર્મથી પાંચ ઇન્દ્રિય, મન, વિભાવ અને ચારગતિના દુઃખ આ ચાર બોલ ઉત્પન્ન થયાં છે માટે તેને કર્મજનિત કહ્યા છે એમ અપેક્ષા સમજવી.

ચૈતન્ય બાદશાહ અનંતગુણનો પિંડ છે પણ તેં કદી એની સામે જોયું નથી. જેનો અંત નથી એવું અનંત જ્ઞાન, એવું અનંત દર્શન, અનંત વીર્ય, એવાં અનંત ગુણો તારા સ્વભાવમાં રહેલાં છે. જેમાં હદ વિનાનું—અનહદ સુખ છે, મર્યાદા વિનાનું વીર્ય છે એવા ભગવાન આત્માના અંતરબોધના અભાવે કર્મો બંધાયા છે અને એ કર્મોથી ચારગતિના દુઃખ આદિ ઉત્પન્ન થયા છે. માટે હવે આત્મ ભગવાન—પરમાનંદની મૂર્તિની દૃષ્ટિ કરીને આ ઇન્દ્રિય, મન, વિકાર અને દુઃખ તજવા લાયક છે. આત્માના સ્વભાવથી એ વિપરીત છે માટે છોડવા લાયક છે અને તે ચારેય ભાવોથી આત્માનો સ્વભાવ વિપરીત છે અર્થાત્ પોતાનો શુદ્ધાત્મા એ પાંચ ઈન્દ્રિયની વિષય અભિલાષાથી માંડીને સર્વ વિકલ્પ-જાળથી રહિત છે માટે તે જ એક ઉપાદેય છે.

આવો શુદ્ધાત્મા ક્યારે ઉપાદેય થાય ?-કે પરમસમાધિના સમયે જ આ આત્મા સાક્ષાત્ ઉપાદેય થાય છે.

આ વાતો બાપુ ! અપૂર્વ છે. મોંઘી છે પણ સ્વભાવે સોંઘી છે. અભ્યાસ નથી માટે મોંઘી છે પણ પોતાનું જ સ્વરૂપ છે માટે સ્વરૂપનો અભ્યાસ કરે તો સોંઘી જ છે.

આત્મા ક્યારે ઉપાદેય થાય ?—પાંચ ઇન્દ્રિયના વિષયોની અભિલાષા, મન,

વિભાવ અને ચારગતિના દુઃખનું લક્ષ છોડી તેનો આશ્રય છોડી, ઉપાદેયપણું છોડી નિજ શુદ્ધ વસ્તુનું લક્ષ કરે-તેની સન્મુખ થઈને આશ્રય કરે અર્થાત્ શુદ્ધાત્માની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરે તે કાળે આત્મા ઉપાદેય થાય છે.

શ્રોતા :- આત્મા તો સદાકાળ ઉપાદેય છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મદ્રવ્ય તો સદાકાળ આદરણીય છે પણ એવી પરિણતિ થાય ત્યારે ઉપાદેય થયો કહેવાય. વસ્તુ તો સદાકાળ-ત્રિકાળ શુદ્ધ છે પણ તે ઉપાદેય ક્યારે થાય કે, જ્યારે પોતે વિભાવ આદિનું લક્ષ છોડી, પૂર્ણાનંદ સ્વભાવની સન્મુખ દશા પ્રગટ કરે તે કાળે આત્મા ઉપાદેય થાય છે. સ્વભાવની સામે જોયા વગર એ ઉપાદેય ન થાય. પહેલાં શ્રદ્ધામાં ભલે એમ લે કે આત્મા ઉપાદેય છે પણ જ્યારે વિભાવની દૃષ્ટિ છૂટીને સ્વભાવની નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાની પરિણતિ થાય ત્યારે—તે કાળે આત્મા સાક્ષાત્ ઉપાદેય થાય છે.

વિભાવ ભાવોનો આદર છોડ્યો અને પૂર્ણાનંદની સન્મુખ થયો ત્યારે આત્માનો આદર થયો. તે કાળે આત્મા ઉપાદેય થયો કહેવામાં આવે છે.

આ ૬૩ ગાથા થઈ. હવે આગળ ૬૪ ગાથામાં સંસારના બધાં સુખ-દુઃખ શુદ્ધ નિશ્ચયનયથી શુભ-અશુભ કર્મોથી ઉત્પન્ન થાય છે અને તે કર્મોને ઉત્પન્ન કરે છે, જીવના એ કોઈ ભાવો નથી એમ કહે છે. જીવવસ્તુનું સ્વરૂપ જ એવું છે કે તે વિભાવને કરે નહિ. કર્મોથી વિભાવ ઉત્પન્ન થાય અને વિભાવથી કર્મ ઉત્પન્ન થાય છે. શુદ્ધ જીવ વસ્તુ વિભાવને કરતી નથી.

નિશ્ચયનયથી ભગવાન એમ કહે છે કે આત્મા ઉપયોગમયી હોવાથી માત્ર જાણે-દેખે છે. તે સુખ-દુઃખને કરતો નથી. અનેક પ્રકારના સુખ-દુઃખના ભાવને કર્મ ઉપજાવે છે.

અનુકૂળમાં સુખની અને પ્રતિકૂળતામાં દુઃખની કલ્પના થાય છે તેને જીવ ઉત્પન્ન કરતો નથી. કેમ કે જીવવસ્તુમાં એવી સુખ-દુઃખની કલ્પના નથી. તો એ ક્યાંથી થઈ?-કે, જીવની પર્યાયમાં જીવવસ્તુનું જ્ઞાન નથી તેથી કર્મ ઉપજે છે અને એ કર્મથી સુખ-દુઃખ થાય છે.

ભગવાન આત્મા તો ઉપયોગમય છે તેથી માત્ર જાણવા-દેખવાનો તેનો સ્વભાવ છે તેથી અંતરમાં દૃષ્ટિ કરીને ઠરે ત્યારે માત્ર જાણવા-દેખવાનું કામ કરે છે. સુખ, દુઃખ પ્રગટ કરવાનું તેનું કાર્ય નથી.

સો ઇન્દ્રો અને ગણધરોની ઉપસ્થિતિમાં ધર્મસભામાં ભગવાનની વાણીમાં

એમ આવ્યું છે કે ભગવાન આત્મા સુખ-દુઃખને ઉત્પન્ન કરતો નથી. કર્મદ્રવ્ય સુખ-દુઃખને ઉત્પન્ન કરે છે. સ્વદ્રવ્ય સુખ-દુઃખને કરતું નથી. સ્વદ્રવ્યની અભાનદશામાં કર્મ ઉત્પન્ન થાય છે, તે કર્મ સુખ-દુઃખને ઉત્પન્ન કરે છે. આત્મદ્રવ્ય સુખ-દુઃખને ઉત્પન્ન ન કરે. આત્માથી સુખ-દુઃખ ન થાય.

સ્વદ્રવ્યનું અભાન એ સ્વદ્રવ્ય નથી. સ્વદ્રવ્ય તો એકલો અતીન્દ્રિય આનંદ અને વીર્યનો પિંડ તથા એકલા જ્ઞાન-દર્શનનો રસકંદ છે. જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યરૂપ અનંત ચતુષ્ટયથી ભરેલો ભગવાન કર્મને રચતો નથી. દ્રવ્યનું અભાન એ દ્રવ્ય ન રહ્યું તે તો કર્મજન્ય વિકાર થઈ ગયો. જ્ઞાનના અભાવે જે અજ્ઞાન છે તે વસ્તુમાં નથી, દ્રવ્ય-ગુણમાં નથી. માત્ર પર્યાયમાં ઊભું કરેલું અજ્ઞાન છે, તે કર્મને ઉપજાવે છે અને કર્મ સુખ-દુઃખને ઉપજાવે છે.

અશુદ્ધનિશ્ચયની વાત આગળ કહેશે. પહેલાં નિશ્ચયથી વાત કહી છે.

ભાવાર્થ:—આકુળતા રહિત પારમાર્થિક વીતરાગસુખથી પરાન્મુખ (ઉલટાં) જે સંસારના સુખ-દુઃખ છે તે જોકે, અશુદ્ધ નિશ્ચયનયથી જીવ સંબંધી છે તોપણ શુદ્ધ નિશ્ચયનયથી જીવે ઉપજાવ્યાં નથી, માટે જીવના નથી. કર્મસંયોગથી ઉત્પન્ન થયા છે અને આત્મા તો વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થતો થકો વસ્તુને વસ્તુના સ્વરૂપે જુએ છે, જાણે છે, રાગાદિરૂપ થતો નથી, ઉપયોગરૂપ છે, જ્ઞાતા-દૃષ્ટા છે, પરમ આનંદરૂપ છે. અહીં પારમાર્થિક સુખથી ઉલટું જે ઇન્દ્રિયજનિત સંસારનું સુખ દુઃખ આદિ વિકલ્પસમૂહ છે તે ત્યાગવા યોગ્ય છે એમ ભગવાને કહ્યું છે.

આત્મસ્વભાવ કેવો છે?—આકુળતા રહિત છે. આ ધન, મકાન, સ્ત્રી, પુત્રાદિ, આબરૂ આદિ મને અનુકૂળ છે એવી કલ્પના થાય છે તે આકુળતા છે. ભગવાન આત્મા તેનાથી રહિત છે. વસ્તુ જે સ્વતઃસિદ્ધ છે તેમાં કાંઈ આકુળતા હોય! વસ્તુમાં તો આકુળતા ન હોય પણ તેની પર્યાય પણ આકુળતા રહિત અનાકુળ વીતરાગ સુખરૂપ હોવી જોઈએ. જેવી વસ્તુ અનાકુળ વીતરાગ સુખસ્વરૂપ છે તેવી જ પર્યાય હોવી જોઈએ તેના બદલે તેનાથી વિપરીત સંસારના સુખ-દુઃખની કલ્પના થાય છે તે પર્યાયથી કર્મો ઉત્પન્ન થાય છે.

આકુળતા છે તે કૃત્રિમ ક્ષણિક થાય છે. ત્રિકાળી નિરાકુળ આત્માની એ વિપરીત અવસ્થા છે. સુલટી અવસ્થા હોય તો તો દશામાં અનાકુળ આનંદ હોય. વસ્તુ પોતે કાંઈ આકુળતારૂપ કદી ન હોઈ શકે. વસ્તુ તો પારમાર્થિક સુખનો કંદ છે તેની સન્મુખની પર્યાય હોય તો તો તેની દૃષ્ટિમાં આત્મા જ હોય પણ જેની દૃષ્ટિમાં આત્મા નથી એવી ઉલટી પર્યાયમાં સુખ-દુઃખની કલ્પના થાય છે.

પરમાં સુખ કે દુઃખ કાંઈ નથી પણ એણે કલ્પનામાં સુખ અથવા દુઃખ માન્યું છે. આ સુખ-દુઃખના પરિણામ આત્માની અનાકુળ પરિણતિ થવી જોઈએ તેનાથી ઉલટાં પરિણામ છે.

અહા ! સ્વયંસિદ્ધ—અણકરાયેલ અકૃત્રિમ સ્વતઃસિદ્ધ ચૈતન્યવસ્તુ તો પરમાર્થે સુખનો જ પિંડ છે. વીતરાગ નિર્દોષસુખનો જ પિંડ છે. વીત એટલે રહિત, રાગથી રહિત અને દોષથી રહિત વસ્તુ છે. આવી નિર્દોષ વીતરાગકંદ વસ્તુની પરિણતિ પણ વીતરાગ શાંતિરૂપ હોવી જોઈએ તેને બદલે તેનાથી ઉલટી ઇન્દ્રિયના વિષયોમાં સુખ દુઃખની કલ્પના ઊભી કરે છે તે દ્રવ્યસ્વભાવથી ઉત્પન્ન થયેલી નથી.

ભગવાન આત્મા તો નિર્દોષ સ્વરૂપ છે પણ તેની પર્યાયમાં ઉઠાવગીરે અજ્ઞાન ઊભું કર્યું છે તે અજ્ઞાનથી કર્મ થયા છે અને કર્મથી સુખ-દુઃખની કલ્પના થાય છે. ખરેખર બહારથી સુખ કે દુઃખ કાંઈ છે જ નહિ. પેલું દૃષ્ટાંત સાંભળ્યું છે ! એક શેઠ પોતાનો દીકરો પરદેશથી પૈસા કમાઈને આવવાનો હતો તેને તેડવા આગલાં સ્ટેશને ગયા અને વેઇટીંગરૂમમાં રાત રહ્યાં, ત્યાં બાજુના જ રૂમમાં પહેલો દીકરો વહેલો આવી ગયેલો તે ઉતર્યો હશે તેની શેઠને ખબર નહિ. કુદરતે રાતના છોકરાને પેટમાં ગોળો ચડયો એટલે બધાં માણસો ભેગા થઈ ગયા અને કોલાહલ થવા લાગ્યો તે આ શેઠને પોસાણું નહિ. એલા ! શું છે ! રાતના પણ કોઈ નિરાંતે સૂવા દેતું નથી ! વાત પૂછતાં ખબર પડી કે, આ લક્ષ્મીચંદ નામના માણસને પેટમાં દુખવા આવ્યું છે. તેના બાપનું નામ શું છે તો કહે, કાનજી. અરે ! એ તો હું પોતે અને મારાં છોકરાને પેટમાં દુખે છે ! ખબર પડી ત્યાં તો પોતે જ દુઃખમાં ભાગ લેવા પહોંચી ગયો. જુઓ ! આ શું છે ? પોતાનો જ દીકરો છે એવી ખબર ન હતી તેથી બધો કોલાહલ લાગતો હતો. તેમ આ જીવને પોતાના સ્વરૂપની ખબર નથી તેથી સુખ, દુઃખની કલ્પના ઊભી થાય છે. સ્વભાવનું ભાન થાય તો અજ્ઞાન ને રાગ-દ્વેષ ને કર્મ તથા સુખ-દુઃખની કલ્પના આદિ બધા કોલાહલ ટળી જાય છે.

અહીં એ જ સિદ્ધ કરવું છે કે સ્વભાવથી સુખ, દુઃખ ઉભા થતાં નથી, સ્વભાવના અજ્ઞાનથી જ કર્મ અને સુખ, દુઃખની કલ્પના ઉભી થાય છે. અહીં અત્યારે કલ્પનાના સુખ, દુઃખની વાત છે, સંયોગની વાત નથી.

તું પોતે જ જરા વિચાર તો કર કે, આ આકુળતા થાય છે, ખદબદાટ થાય છે એ શું તારું સ્વરૂપ હોઈ શકે ? વાસ્તવિક પદાર્થનું સ્વરૂપ આવું હોય ! વસ્તુ-સ્થિતિમાં આકુળતા હોય ! જરા લક્ષ કરીને વિચાર કરે તો પોતાને જ ખ્યાલ આવે તેવી વાત છે. પણ અજ્ઞાનમાં એવો રંગાઈ ગયો છે કે જ્ઞાનની આંખ ખોલીને જોતો પણ નથી.

અનંતકાળથી અજ્ઞાનના રંગમાં રંગાયેલાં અજ્ઞાનીને પોતાનું સ્વરૂપ સમીપ જ હોવા છતાં નજર માંડતો નથી. કોઈ'દી એને પોતાનો ભરોસો આવ્યો નથી, એ જાતનો અભ્યાસ કર્યો નથી. તેથી અજ્ઞાનમાં દુ:ખી થાય છે.

આ અજ્ઞાનભાવ અને સુખ-દુ:ખની કલ્પના જો કે, અશુદ્ધનિશ્ચયનયથી જીવની જ પર્યાય છે પણ જીવવસ્તુનો એ સ્વભાવ નથી માટે તેને પર અને કર્મજનિત સુખ-દુ:ખ કહ્યાં છે.

પ્રશ્ન થાય કે આ શુદ્ધ નિશ્ચય અને અશુદ્ધ નિશ્ચય એટલે શું? તેનો ખુલાસો એ છે કે શુદ્ધ નિશ્ચય એટલે સત્ વસ્તુ અને અશુદ્ધ નિશ્ચય એટલે તેની પર્યાયમાં ઉત્પન્ન કરેલો અજ્ઞાનભાવ. તે અશુદ્ધ કેમ? મલિન છે માટે અને નિશ્ચય કેમ કહ્યો?-કે પર્યાયમાં પોતે સ્વતંત્રપણે ઉત્પન્ન કર્યો છે માટે તેને નિશ્ચય કહ્યો છે. પર્યાયમાં વિકાર છે તે જીવસંબંધી છે પરંતુ જીવનો સ્વભાવ નથી ક્ષણિક અવસ્થામાં ઊભું થયેલું અજ્ઞાન, રાગ-દ્વેષ અને ભ્રાંતિ છે તે શુદ્ધ નિશ્ચય એવા સતનું સ્વરૂપ નથી માટે તે જીવ નથી.

ભગવાન તારી પાસે છે અને તું તેને જોતો નથી. પાસે શું! પોતે જ છે પણ આ રાગ હું, દ્વેષ હું, શરીર હું એવા અહંકાર આડે તને ચૈતન્યભગવાન સૂઝતા-દેખાતા) નથી.

કેવી ખૂબી છે! પરમાત્મા પોતે જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યનો પિંડ છે તેનાથી અજ્ઞાન કેવી રીતે ઊભું થાય! પણ પર્યાયમાં-અંશમાં વસ્તુના જ્ઞાનના અભાવે અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય છે. આવો મુર્ખાઈ ભર્યો બેભાનભાવ દ્રવ્ય, ગુણમાં ન હોઈ શકે. પર્યાયમાં અજ્ઞાન છે તેનાથી રાગ-દ્વેષ અને કર્મ ઉત્પન્ન થાય છે અને કર્મથી વળી સુખ-દુ:ખની કલ્પના ઊભી થાય છે. વસ્તુના મૂળ સ્વભાવમાં આ કોઈ ભાવો નથી માટે તેને કર્મના ઊભા કરેલા છે એમ કહ્યું પણ તારા જ અંશમાં અજ્ઞાન હોવાથી ખરેખર તો એ સુખ-દુ:ખ પણ તારાથી ઉત્પન્ન થયેલા છે.

અરે! આ ભગવાનની વાત પણ જેને સાંભળવા ન મળે, એ કેમ ભૂલ્યો છે અને ભૂલ કેમ ટળે એની પણ ખબર ન હોય ત્યાં ધર્મ કેવી રીતે થાય! ગમે તેટલી સામાયિક ને પૂજા-ભક્તિ કરે, કે કેટલાંય તીર્થોની યાત્રા કરી આવે પણ ધર્મ ક્યાંથી થાય? ધર્મ તો ધર્મી પાસે હોય કાંઈ બહાર ન હોય. ભલે શુભરાગના કાળે એવા શુભરાગ પણ હોય છે પણ તેનાથી ધર્મ કદી ત્રણકાળમાં ન થાય.

સુખ દુ:ખની કલ્પનામાં બેઠો છે તે દુ:ખી જ છે. તેને સંયોગમાં ભલે અબજો રૂપિયા હોય પણ આ પૈસા મારા છે એવી કલ્પના છે તે જીવ દુ:ખરૂપ ભાવમાં બેઠો

છે, આત્મદ્રવ્યમાં પણ બેઠો નથી અને પૈસામાં પણ બેઠો નથી, માત્ર કલ્પનામાં બેઠો છે.

આમ, સર્વજ્ઞ, પરમાત્મા, વીતરાગદેવ ફરમાવી રહ્યાં છે પણ જ્યારે પોતાને જ્ઞાનમાં આવે કે, 'હું તો આત્મા છું' ત્યારે તે સંયોગના આધારે પોતાના સુખદુઃખની કલ્પના કરે જ નહિ. અબજો રૂપિયાથી પોતાને સુખી ન માને અને બીજાંને પણ સંયોગથી સુખી ન માને. એ તો કલ્પનાથી દુઃખી છે એમ જાણે. સગા-વ્હાલા પૈસાવાળા હોય તેનાથી પોતાને હૂંફ ન આવે કેમકે, પૈસાથી સુખ હોય જ નહિ એવું જ્ઞાન તેને બરાબર વર્તે છે. એ તો જાણે છે કે પૈસાથી સુખ તો નથી ઉલટું પૈસાની મમતાથી એ જીવ દુઃખી છે.

પૈસાથી પૈસાવાળા તો સુખી નથી પણ તેને સુખી માનનારા પણ મૂઢ છે, દુઃખી છે. પૈસાની મમતા કરનારો તો દુઃખી છે તેને તું સુખી કહે છો? આ તારા ગજ જ ખોટાં છે, માપ કરવાની નજરમાં ફેર છે ભાઈ! સુખ તો આત્મામાં છે તેની નજર કરે તેને સુખ થાય. તેને બદલે આત્માથી બહાર અન્ય વસ્તુની નજર કરે તેને સુખ કયાંથી હોય?

જીવવસ્તુના દ્રવ્ય, ગુણમાં તો કલ્પના ન હોય પણ તેના ભાનવાળી પર્યાયમાં પણ કલ્પના ન હોય. વસ્તુના ભાન વિનાની પર્યાયમાં જ અજ્ઞાનથી કર્મ થાય છે અને કર્મથી સુખ-દુઃખની કલ્પના ઉભી થાય છે. માટે સુખ-દુઃખ ખરેખર સંયોગથી પણ નથી અને સ્વભાવથી પણ નથી. એક સમયની પર્યાયમાં વસ્તુના અજ્ઞાનથી સુખદુઃખની કલ્પના ઉભી થાય છે. પૈસા મળ્યા માટે સુખ અને પૈસા ગયા માટે દુઃખ. એમ નથી. કેમકે પૈસા કાંઈ કલ્પના ઉત્પન્ન કરાવતાં નથી. ખરેખર અજ્ઞાનભાવ જ કલ્પના ઉત્પન્ન કરે છે. કર્મ એટલે અજ્ઞાનભાવરૂપી કર્મ જ સુખ-દુઃખની કલ્પના ઉભી કરે છે.

અહીં તો પરમાત્મપ્રકાશ છે. પરમાત્માના પ્રકાશમાં કલ્પના ઉત્પન્ન ન થાય. પરમાત્મપ્રકાશના અભાનમાં કલ્પના થાય.

અશુદ્ધનિશ્ચય શબ્દ કહીને એ જ કહેવું છે કે દ્રવ્ય, ગુણ તો અજ્ઞાનનો કર્તા નથી પણ પર્યાયે જ પરને વિષય બનાવીને સુખ-દુઃખ ઊભું કર્યું છે. બસ મૂઢભાવે સુખ-દુઃખની કલ્પના અજ્ઞાનીએ ઉત્પન્ન કરી છે.

અહો! પોતે જ ભગવાન છે ને! વસ્તુ પોતે અકૃત્રિમ શાશ્વત અનંત છે. શાશ્વત એટલે અંત ન આવે તેવી અનંત છે. આ ભગવાને કહેલી વાત છે. ભગવાનના જ્ઞાનમાં શું ન જણાય? ભગવાન કહે છે વસ્તુ તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત

સુખ અને અનંતવીર્યનો પિંડ છે તેનાથી અજ્ઞાન ન થાય. પણ એક સમયની પર્યાયના અંશમાં પોતે જ અજ્ઞાન ઊભું કર્યું છે. અજ્ઞાન ન હોય તો તો આ દુઃખ કેમ હોય! અશુદ્ધ વૃત્તિઓને નિશ્ચયથી તારા અંશમાં અજ્ઞાનભાવથી તે જ ઉત્પન્ન કરી છે માટે સુખ, દુઃખ છે. નથી, એમ નથી અજ્ઞાન પણ છે. વસ્તુના સ્વરૂપમાં અજ્ઞાન નથી પણ પર્યાયમાં છે તે ખોટી વાત નથી.

અજ્ઞાનથી કર્મ થયા ને કર્મથી સુખ-દુઃખ થયા એમ કહો કે અજ્ઞાનથી જ સુખ-દુઃખની કલ્પના થઈ એ બંને એક જ છે. અજ્ઞાન વિના સુખ-દુખની કલ્પના થતી નથી. સમ્યગ્દષ્ટિને અજ્ઞાન નથી તો અપ્સરા જેવી હજારો રાણીઓ હોય પણ તેમાં સુખની કલ્પના થતી નથી. અસ્થિરતાની કલ્પના છે પણ એ અજ્ઞાનની ગાંઠ તોડીને થયેલી છે તેથી ઉપરછલ્લી છે તેથી અમૃત સ્વરૂપના આનંદ આગળ ભોગની વૃત્તિ જ્ઞાનીને ઝેર જેવી દેખાય છે. દુનિયાને એમ લાગે કે આ સારું, સમકિતી ભોગ ભોગવે અને બંધ પણ ન થાય. એને ખબર નથી કે જ્ઞાની ભોગની વાસનાને ઝેર સમજે છે તેમાં તેને સુખની કલ્પના થતી જ નથી. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ બધું ઝેર લાગે છે.

અહો ! જેની દૃષ્ટિમાં સત્‌ચિદાનંદ ચૈતન્યવસ્તુ આવી તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, તેની પ્રતીતમાં કેવળજ્ઞાન આવી ગયું, પૂર્ણ દર્શનનો પિંડ પ્રતીતમાં આવી ગયો, અનંત વીર્યની કાતળી પ્રતીતમાં આવી ગઈ...આવું સત્ સ્વરૂપ જેના શ્રદ્ધા-જ્ઞાનમાં આવી ગયું તેને ઇન્દ્રિયવિષયોમાં સુખની કલ્પના હોય જ નહિ-છે જ નહિ.

અજ્ઞાનીને એમ થાય કે આ ભિખારી છે તે પણ બે રોટલી મળી હોય તેમાંથી એક ઓછી ખાઈને ઉણોદરી તપ કરે છે અને આ જ્ઞાની દૂધપાક ને પૂરી ખાય છે ? ભાઈ ! જ્ઞાની કે અજ્ઞાની કોઈ ખાતું જ નથી. માત્ર અજ્ઞાની માને છે કે મેં આટલો ત્યાગ કર્યો. પણ તેને ખબર નથી કે હું ખરેખર ખાતો જ નથી તેથી તેણે રોટલીનો ત્યાગ નથી કર્યો ઉલટો મેં રોટલી ન ખાધી એવું અભિમાન કરીને મિથ્યાત્વને પુષ્ટ કર્યું છે.

અહો ! આત્મા તો તેને કહીએ કે જે પોતાની જ્ઞાન, દર્શનની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માને જાણે-દેખે તે આત્મા છે. તે જ્ઞાની છે. જ્ઞાની પોતાના વસ્તુ સ્વરૂપને જાણે દેખે છે. અજ્ઞાનની પર્યાયની સામે જ્ઞાનની પર્યાયની વાત લીધી છે કે, જ્ઞાની પોતાની પર્યાયમાં આત્માને જાણે-દેખે છે. સુખ-દુઃખની કલ્પના કરતાં નથી, જ્ઞાની રાગરૂપ થતાં નથી. જ્ઞાની તો ઉપયોગરૂપ છે, જ્ઞાતા-દ્રષ્ટા છે અને પરમાનંદમય

છે. જાણનાર આત્મા જેમ ઉપયોગમય, જ્ઞાતા-દૃષ્ટા અને આનંદમય છે તેમ તેની દૃષ્ટિ કરનાર ધર્મી પણ ઉપયોગમય, જ્ઞાતા-દૃષ્ટા અને આનંદમય છે.

આવું જે આત્માનું પારમાર્થિક સુખ છે તેનાથી ઉલટું ઇન્દ્રિયજનિત સંસારિક સુખ-દુઃખ છે તે સર્વ કલ્પના છે, વિકલ્પ છે, તે ત્યાગવા યોગ્ય છે—સર્વ વિકલ્પો છોડવાલાયક છે એમ ભગવાને કહ્યું છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમદેવ આમ ફરમાવે છે કે ભાઈ ! સુખ-દુઃખની કલ્પના અને રાગદ્વેષ છોડવા લાયક છે અને પરમાનંદસ્વરૂપ ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં રહેવા જેવું છે.

આ રીતે આત્મા ઉપાદેય છે અને રાગ-દ્વેષ હેય છે. [ ક્રમશઃ ]

## □ મુક્તિનો ઉપાય □

પરમાનંદની મૂર્તિ પ્રભુ પુણ્ય-પાપથી રહિત છે, કર્મથી ને શરીરથી રહિત છે ને પોતાના અનંત પવિત્ર ગુણથી સહિત છે—એવા ભગવાનનું તું મનન કર ભાઈ! આ રાગ ને પુણ્યના મનનથી પ્રભુ પ્રગટે એવો નથી. દયા-દાન ને વ્રત-જપના પરિણામે પ્રભુ પ્રગટે એવો નથી. નિર્વિકલ્પ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ પૂરણ અનંત ગુણથી ભરેલું જે તત્ત્વ છે તેનું મનન કર તો તેની પ્રાપ્તિ થશે. અનુકૂળ નિમિત્ત હોય તો ઠીક—એવું મનન રહેવા દે ભાઈ, રહેવા દે ! આવા નિમિત્ત હોય તો ઠીક, આવો શુભ ભાવ હોય તો ઠીક, આવા કષાયની મંદતાના પરિણામ હોય તો ઠીક—એ બધું તો રાગનું મનન તેં કર્યું, એવું મનન તો તેં અનાદિ કાળથી કર્યું છે ને એનાથી સંસાર અનાદિનો ફળે છે પણ હવે તારે મુક્તિ કરવી છે કે પછી ૮૪ માં રખડવું છે? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ શુદ્ધ, નિરંજન, વીતરાગ છે તેની ઉપર દૃષ્ટિ કર એક એનું મનન ને એકાગ્રતા જ મુક્તિનો ઉપાય છે. ભગવાન આત્મા શુદ્ધ શુદ્ધ ને શુદ્ધ પ્રભુ છે, તેનું એકનું જ મનન ને એકાગ્રતા કર તો તને કેવળજ્ઞાન ને મુક્તિનો લાભ થશે.

—પૂજ્ય ગુરુદેવ

# 卐 ભવના પરિચય વગરનું મૂળ તત્ત્વ 卐

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં–૨૨ )

શ્રી નાટક સમયસારનો આ જીવદ્વાર છે. તેનો ૧૩મો કળશ અને ૧૪મું પદ્ય આવ્યું છે.

सुद्धनयातम आतमकी,
अनुभूति विज्ञान-विभूति है सोई।
वस्तु विचारत एक पदारथ,
नामके भेद कहावत दोई॥
यौं सरवंग सदा लखि आपुहि,
आतम-ध्यान करै जब कोई।
मेटि असुद्ध विभावदसा तब,
सुद्ध सरूपकी प्रापति होई॥ १४॥

અર્થ:—શુદ્ધનયના વિષયભૂત આત્માનો અનુભવ જ જ્ઞાનસંપદા છે. આત્મા અને જ્ઞાનમાં નામભેદ છે, વસ્તુભેદ નથી. આત્મા ગુણી છે, જ્ઞાન ગુણ છે—આમ ગુણીને ઓળખીને જ્યારે કોઈ આત્મધ્યાન કરે છે ત્યારે તેની રાગાદિ અશુદ્ધ દશા નષ્ટ થઈને શુદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે.

અહીં ગુણ-ગુણી અભેદ છે એ વિચારવાનો ઉપદેશ કર્યો છે. જીવદ્રવ્યનું આ સ્વરૂપ છે.

"**सुद्धनयातम आतमकी**" આત્મદ્રવ્ય શુદ્ધનય સ્વરૂપી છે. આત્મા શરીર, વાણી, મનથી રહિત છે, પુણ્ય-પાપની સ્થિતિથી રહિત છે અને એક સમયની પર્યાયનો પણ જેમાં પ્રવેશ નથી—એવો ભગવાન આત્મા નિત્યાનંદ સ્વરૂપ ધ્રુવ વસ્તુ છે. તે જ સમકિતનો વિષય છે, ધ્યાનનું ધ્યેય છે, એક સમયની પર્યાય નહિ પણ પર્યાયવાન વસ્તુ છે. એ જ શુદ્ધનયસ્વરૂપ આત્મા છે.

નવા માણસને એમ લાગે કે, આ શુદ્ધનયસ્વરૂપ આત્મા વળી કોણ હશે? ભાઈ! આ એક આત્મપદાર્થ છે, અસ્તિસ્વરૂપ વસ્તુ છે, અનાદિ–અનંત એક સદૃશ સ્વભાવી

જે ધ્રુવ વસ્તુ છે તેને શુદ્ધનયસ્વરૂપ આત્મા કહ્યો છે. તેની અનુભૂતિ થવી તે જ વિજ્ઞાનવિભૂતિ છે, તે પર્યાય છે, કેમ કે, અનુભવ પર્યાયમાં જ થાય અને તેનો વિષય ધ્રુવ છે.

જેને ધર્મ કરવો હોય તેણે ચૈતન્યના ધ્રુવસ્વરૂપને અનુસરીને અનુભવ કરવો. તે અનુભવ એ જ આત્મપ્રાપ્તિ અર્થાત્ સમકિતરૂપ ધર્મ છે.

અહીં વસ્તુનો અનુભવ કહીને પછી તેને જ જ્ઞાનનો અનુભવ કહેશે. કેમ કે, ગુણ અને ગુણી કાંઈ જુદા નથી.

"અનુભૂતિ વિજ્ઞાન-વિભૂતિ" એટલે પૂર્ણસ્વરૂપ શુદ્ધ આનંદઘન આત્માની અનુભૂતિ અર્થાત્ એવા આત્માને અનુસરીને આનંદનું પ્રગટ થવું-સ્વસંવેદનમાં આત્માનું પ્રત્યક્ષ વેદન થવું તે અનુભૂતિ છે. તેને જ સમકિત કહેવાય છે. તેની સાથે વિશેષે જ્ઞાન-આનંદની પ્રાપ્તિ થાય છે તે જ આત્માની વિભૂતિ નામ સંપદા છે. જુઓ! આ ધનાદિ તે આત્માની સંપદા નથી. રાગના વિકલ્પો પણ આત્માની સંપદા નથી.

ધર્મી એવો ભગવાન આત્મા કે જેમાં પૂર્ણ જ્ઞાન, આનંદનો ધ્રુવ સ્વભાવ છે, જે એકરૂપ છે, સદૃશ છે, નિત્ય છે, અચલ છે એવા ભગવાન આત્માની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો તે ધર્મ છે અને તેનાથી વિપરીત પુણ્ય-પાપરાગનો અનુભવ કરવો તે વિભાવનો અનુભવ છે—એ જ સંસાર છે, એ જ દુઃખ છે, એ જ મિથ્યાત્વ છે અને એ જ નિગોદમાં જવાની રીત છે.

અહીં તો એ સંસારથી છૂટીને મોક્ષમાં જવા માટેના અનુભવની વિધિ કહેવાય છે. ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ છે તેની અનુભૂતિ તે આત્માની લક્ષ્મી નામ વિભૂતિ છે. રાગ અને નિમિત્તના અવલંબન વિના, ત્રિકાળી દ્રવ્યના અવલંબનથી આત્માનું પ્રત્યક્ષ વેદન થાય તેને સ્વસંવેદન અર્થાત્ આત્માની પ્રાપ્તિ થઈ કહેવાય છે એ પ્રાપ્તિને જ અહીં આત્માની વિભૂતિ કહી છે.

જ્ઞાનનો અંશ તે શુદ્ધનય અને તેનો વિષય ત્રિકાળી દ્રવ્ય એ બે ભેદ પાડતાં તો વિકલ્પ ઊભો થાય છે એટલે પાઠમાં **शुद्धनयातम आतमा** કહ્યો છે. પણ તેના અર્થમાં ભેદ પાડીને સમજાવ્યું છે—કે, 'શુદ્ધનયના વિષયભૂત આત્માનો અનુભવ જ જ્ઞાનસંપદા છે.' સમયસારની ૧૧ મી ગાથામાં ભૂતાર્થ ત્રિકાળી વસ્તુને જ શુદ્ધનય કહ્યો છે. એકરૂપ ત્રિકાળ સદૃશ સ્વભાવ એ જ શુદ્ધનય છે. શુદ્ધનય અને તેનો વિષય

એવા બે ભેદ એમાં નથી. સહજ ત્રિકાળ પરમ પારિણામિક દ્રવ્યસ્વભાવ પોતે જ શુદ્ધનયસ્વરૂપ છે.

અહા! શુદ્ધનય સ્વરૂપ ભગવાન આત્મા એટલે કે પવિત્ર સ્વભાવનું ધામ એવા ચૈતન્યપ્રભુનું ધ્યાન તે અનુભૂતિ છે; તે પર્યાય છે. આત્માના આનંદની સ્વસંવેદનદશા તે અનુભૂતિ છે. આ દશા ગુરુની સેવા કે ભક્તિથી પ્રાપ્ત થાય તેવી નથી. પોતાનો ગુરુ પોતે થાય ત્યારે આવી અનુભૂતિ પ્રગટે છે. પોતે જ દેવ અને પોતે જ ગુરુ છે. પોતાનું પૂર્ણસ્વરૂપ તે દેવ છે અને તેનું સાધન એ ગુરુ છે.

અહીં પદની બે લીટીમાં બે વાત કરી દીધી છે. એક તો વસ્તુ શુદ્ધનયસ્વરૂપ છે અને બીજું, તેની અનુભૂતિ તે જ્ઞાનની વિભૂતિ નામ સંપદા છે. અનાદિથી પુણ્ય-પાપના રાગનું વેદન હતું તે દુઃખરૂપ આકુળતાવાળુ હતું એ પલટીને સ્વભાવના આશ્રયે જે સ્વસંવેદન પ્રગટ થાય છે તે સુખરૂપ આનંદનું વેદન છે. એ આત્માની વિજ્ઞાન-વિભૂતિ છે.

આ ધર્મની પ્રથમ સીઢીની-શરૂઆતની વાત છે. વસ્તુ એવી નિરાલંબ છે કે તેની વાત સાંભળે પણ અંતરમાં બેસવી એને કઠણ પડે છે, કારણ કે આ અભ્યાસ નથી. સર્વજ્ઞ વીતરાગ પરમદેવની વાણીમાં તો આ આવ્યું છે કે, તારો આત્મા જ ભગવાન છે અને તેનો અનુભવ એ તારી વિભૂત અને વિજ્ઞાનઘન સંપદા છે. જડસંપત્તિ એ તો તારી સંપદા નહિ પણ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ પણ તારી સંપદા નહિ. વ્યવહારથી નિશ્ચય થાય એ વાત જ ખોટી છે. વિરુદ્ધભાવથી અવિરુદ્ધભાવ શી રીતે થાય? વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ છે અને નિશ્ચયથી વ્યવહાર વિરુદ્ધ છે. માટે વ્યવહારરત્નત્રયના વિકલ્પરૂપ સાધનથી આત્માની નિશ્ચયસંપદા પ્રગટતી નથી.

લોકો એમ માને છે કે વ્યવહાર પહેલાં હોય પછી નિશ્ચય થાય. ભાઈ! નિશ્ચય વગર વ્યવહાર કહેવો કોને? પહેલાં મીંડા અને પછી એકડો એમ કદી હોય! સર્વજ્ઞ વીતરાગદેવે એવો ધર્મ પ્રરૂપ્યો નથી. કેવળીનો પ્રરૂપેલો નિશ્ચયધર્મ જ શરણરૂપ છે. પાંચ-દશ હજાર રૂપિયા ખર્ચી નાખવાથી ધર્મ થાય તેમ નથી.

પ્રશ્ન—તો પછી દાનમાં પૈસા લખાવ્યા હોય તે દેવા નહિ ને!

પૂજ્ય ગુરુદેવશ્રી—ભાઈ! પૈસા દેવા તે આત્માનો ધર્મ નથી તેમ પૈસા રાખવા તે પણ આત્માનો ધર્મ નથી. જડવસ્તુ દેવી કે રાખવી તે આત્માનું કાર્ય નથી. આ પૈસા મારા છે અને હું દઈ શકું છું એવી એકતા માની છે તે તો મિથ્યાત્વ છે, એણે અજીવને જીવ માન્યો છે. પણ પૈસા દાનમાં દેવાનો શુભ રાગ ધર્મીને આવ્યા વગર રહેતો નથી.

" वस्तु विचारत एक पदारथ, नामके भेद कहावत दोई। " આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો બંને એક જ છે. જ્ઞાનની અનુભૂતિ અને આત્માની અનુભૂતિ એવા બે શબ્દ ભલે હો પણ વસ્તુ એક જ છે, તેમાં ભેદ નથી. આત્મા ગુણી છે અને જ્ઞાન તેનો ગુણ છે માટે ગુણીનો અનુભવ અને ગુણનો અનુભવ એવા નામભેદ છે પણ વસ્તુભેદ નથી.

શ્રોતા:-સાહેબ! અમારે કરવું શું! એ કહોને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—આ અનુભૂતિ કરવી એ જ કરવાનું છે. કાંઈક ક્રિયા કરે, વ્રત કરે, યાત્રા કરે, મંદિર બંધાવે એ કોઈ તારી ધાર્મિક ક્રિયા નથી. એ તો શુભરાગ છે અને જડમાં ફેરફાર થાય તે જડની ક્રિયા છે. તો પ્રશ્ન થાય કે આવા શુભરાગ ન કરવા ને! ભાઈ! કરવા, ન કરવાનો પ્રશ્ન જ નથી. એવા ભાવ હોય છે, આવી જાય છે, એને કરવા પડતાં નથી. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવા ભાવ આવી જાય છે પણ આવી જાય છે માટે તે કરવા જેવાં છે કે વસ્તુનું સ્વરૂપ છે, એમ નથી.

" यों सरवंग सदा लखि आपुहि, " પોતે પોતાથી પોતાના જ્ઞાયકભાવ સ્વરૂપ નિજઆત્માની ઓળખાણ કરી તેનો અનુભવ કરવો, ગુણ અને ગુણી અભેદ છે એવો અનુભવ પોતે પોતાથી કરવો. વ્યવહારની તેમાં અપેક્ષા નથી. આત્મા અને જ્ઞાન સર્વાંગ એકસ્વરૂપ છે, સદાય એકરૂપ છે એમ જાણવું.

" आतम ध्यान करै जब कोई! "—નિમિત્ત, રાગ અને મનના સંગની અપેક્ષા છોડી દઈને, પોતે પોતાથી જ્યારે પોતાનો અનુભવ કરે ત્યારે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આત્માનું ધ્યાન કરી, આત્માનો અનુભવ કરે ત્યારે એને જે અશુદ્ધ-રાગ-દ્વેષાદિનો અનુભવ હતો તેનો નાશ થઈને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એટલે કે અનાદિથી પુણ્ય-પાપના રાગના અનુભવની પ્રાપ્તિ હતી તે મટીને આત્મા તો આવો જ્ઞાનાનંદ છે એમ પોતાના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ અર્થાત્ વેદન થાય છે. તેનું નામ સમકિત છે, તે જ ધર્મ છે.

" मेटि असुद्ध विभावदसा तब "—એટલે રાગના બધાં વિકલ્પથી છૂટી જઈને, ગુણ-ગુણી ભેદનો વિકલ્પ પણ રાગ છે, તે અશુદ્ધતા છે તેને છોડી દઈને એટલે તેનું લક્ષ છોડી દઈને જ્યારે સ્વભાવની દૃષ્ટિમાં આવ્યો ત્યારે તેને સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

જુઓ! આમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ સિદ્ધ કર્યાં છે. ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધનયસ્વરૂપ તે ધ્રુવ અને તેનું ધ્યાન કરતાં નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે અને

રાગાદિની મલિન પર્યાયનો વ્યય થાય છે. આમ, 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ્ સત્' તે દ્રવ્યનું લક્ષણ છે.

લોકો તો જીવદયામાં જૈનધર્મ માને છે પણ જીવદયા તારી કે પરની? એનો વિચાર કર્યો? ભગવાન! તારી પોતાની દયા તે ધર્મ છે. પરની દયામાં તો પરસન્મુખતા થાય છે, વિકલ્પ ઊઠે છે તે તો બંધનું કારણ છે, ધર્મ નથી. ચૈતન્ય ભગવાન પોતાના સ્વભાવ અનુસારે પરિણમે ત્યારે અશુદ્ધદશા ટળે અને શુદ્ધદશા પ્રગટ થાય તે ધર્મ છે. આ ધર્મ પામવાની કળા અને રીત છે.

ભાવાર્થ:— આત્મા ગુણી છે અને જ્ઞાન તેનો ગુણ છે, તેમાં પ્રદેશભેદ નથી. જેમ સાકર છે ત્યાં જ ગળપણ છે. સાકરના અને ગળપણના અંશો જુદાં નથી તેમ, ભગવાન આત્મા અને જ્ઞાનના પ્રદેશો જુદાં નથી. જે ભાગમાં આત્મા છે તે જ ભાગમાં જ્ઞાન છે. જ્ઞાન અને આત્મામાં ક્યાંય ભિન્નતા નથી.

જેમ, અગ્નિનો ગુણ ઉષ્ણતા છે. તો કોઈ અગ્નિને અને ઉષ્ણતાને જુદાં કરવા માગે તો થઈ શકતાં નથી. અગ્નિ જાય તો ઉષ્ણતા ન રહે અને ઉષ્ણતા જાય તો અગ્નિ ન રહે. તેમ, જ્ઞાન અને આત્માનો સહભાવી સંબંધ છે તે કદી જુદાં પડી શકતાં નથી. અહીં આ જ્ઞાનગુણની વાત છે હો, પર્યાયની વાત નથી. આત્માનો 'સ્વ' ભાવ જ્ઞાન અને આત્મા પોતે, સ્વભાવ અને સ્વભાવવાન બંનેને સહભાવી સંબંધ છે. આત્મા છે ત્યાં જ્ઞાન છે અને જ્ઞાન છે ત્યાં આત્મા છે. ગુણ-ગુણી અભેદ છે. ધ્રુવસ્વરૂપ દ્રવ્ય અને તેનો જ્ઞાનસ્વભાવ બંનેનો એક સંબંધ છે.

આત્મા અને જ્ઞાન એક જ છે માટે આત્માનો અનુભવ કરવો તે ધર્મ કહો કે જ્ઞાનનો અનુભવ કરવો તે બંને એક જ છે. દેહના રજકણ ને રાગથી ભિન્ન વસ્તુ કહો કે તેનો જ્ઞાનગુણ કહો બંને એક જ છે, નામભેદ છે પણ વસ્તુભેદ નથી.

આ ૧૩મા કળશનો અર્થ થયો. હવે ૧૪ કળશ લઈએ. ૧૪માં કળશ ઉપર ૧૫મું પદ્ય આ પ્રમાણે છે.

अपनैं ही गुन परजायसौं प्रवाहरूप,
परिनयौ तिहूं काल अपनै अधारसौं।
अन्तर-बाहर-परकासवान एकरस,
खिन्नता न गहै भिन्न रहै भौ-विकारसौं।
चेतनाके रस सरवंग भरि रह्यौ जीव,
जैसे लौंन-कांकर भर्यौ है रस खारसौं।

पूरन-सरूप अति उज्जल विग्यानघन,
मोकौं होहु प्रगट विसेस निरवारसौं ॥ १५ ॥

અર્થ:—જીવ પદાર્થ સદૈવ પોતાના આધારે જ રહે છે અને પોતાના જ ધારાપ્રવાહ ગુણ-પર્યાયોમાં પરિણમન કરે છે. બાહ્ય અને અભ્યંતર એકસરખો પ્રકાશવાન રહે છે. ક્યારેય ઓછો થતો નથી. તે સંસારના વિકારોથી પૃથક્ છે. જેમ મીઠાની ગાંગડી ખારાપણાથી પૂરી ભરેલી છે તેમ, આત્મામાં ચૈતન્યરસ ઠસોઠસ ભરેલો છે. એવું પરિપૂર્ણ સ્વરૂપ, અત્યંત નિર્વિકાર, વિજ્ઞાનઘન આત્મા મોહના અત્યંત ક્ષયથી મને પ્રગટ થાઓ.

બનારસીદાસજી કહે છે કે મને પૂર્ણ આત્માની પ્રાપ્તિ થાઓ.

ભગવાન આત્મા કેવો છે? કે પોતાના ગુણના ભેદથી પ્રવાહરૂપ છે. સદાય પોતાના પરિણમન સ્વભાવથી પરિણમી રહ્યો છે. પંચાસ્તિકાયમાં આવે છે ને! द्रव्यात्म लाभ हेतु परिणामः તેમ અહીં કહે છે આત્મા સદાય પોતાના પરિણમન સ્વભાવથી ભરેલો છે.

મારગ બહુ ઝીણો છે ભાઈ! સુખી થવું હોય તેને માટે આ વાત છે. ધરમના બહાને જગત ઘણું લૂંટાય છે. મનુષ્યદેહ પામ્યા પછી પણ આવી સત્ય વાત મળવી દોહ્યલી છે. 'દોહ્યલો માનવભવ, એમાં દોહ્યલો આતમલાભ...'

ભગવાન આત્મામાં અભેદ અને ગુણના ભેદનો પ્રવાહ સદાય વહી રહ્યો છે. એટલે કે અભેદ અને ભેદ એ બંને સદાય છે. પોતાના પારિણામિકભાવના ત્રિકાળ આધારથી સદાય એકરૂપ છે. દ્રવ્ય આધાર છે અને ગુણો આધેય છે પણ બંનેમાં ભેદ નથી, અભેદ છે. વસ્તુ ત્રિકાળ એકરૂપ છે.

अन्तर–बाहिर प्रकाशवान एकरस—આત્મા અંતરમાં અને બહારમાં એકરૂપે પ્રકાશમાન છે. બાહ્યમાં એટલે જયચંદજી પંડિતે તો વચન અને કાયામાં એવો અર્થ લીધો છે પણ ખરેખર તો ત્રિકાળ ધ્રુવ શુદ્ધ વસ્તુનું પ્રગટપણું પણ શુદ્ધ જ છે. વસ્તુ પોતે ધ્રુવસ્વરૂપ તે અભ્યંતર અને તેનો આશ્રય લઈને થતી પર્યાય તે બાહ્ય એ બંને શુદ્ધ જ છે.

નિયમસારમાં આવે છે ને! પર્યાય એ બાહ્યતત્ત્વ છે. સંવર, નિર્જરા અને મોક્ષ બાહ્યતત્ત્વ છે. એકરૂપ તત્ત્વ તે અંતઃતત્ત્વ છે તેની અપેક્ષાએ અંશરૂપ દશા તે બાહ્યતત્ત્વ છે. સદશ ધ્રુવ વસ્તુ અને તેની નિર્મળ દશા એક સરખી પ્રકાશમાન રહે છે.

આટલો ભેદ પણ ખટકે છે. આત્મા આધાર અને તેના આધારે રહેલાં ગુણો તે સદાય એકરૂપે પ્રકાશમાન છે. જેમ, મીઠાની ગાંગડીમાં એકલો ખારો રસ જ ભર્યો છે તેમ ભગવાન આત્મામાં ચૈતન્યરસ લબાલબ ભરેલો છે. તે કદી ઓછો થતો નથી અને ભવના વિકારથી ભિન્ન રહે છે. ધર્મીજીવ પોતાના આત્માનો આવો વિચાર કરે છે પણ હું કર્મના સંબંધવાળો છું, રાગવાળો છું બંધવાળો છું રાગને હું તોડું એવા વિચાર કરતાં નથી.

જેમાં સંસારનો વિકાર નથી તે આત્મતત્ત્વ છે. खिन्नता न गहै– જેમાં કાંઈ કમીપણું રહે નહિ કે કમીપણું થાય નહિ એવું જ આત્માનુ સ્વરૂપ છે. ભગવાન આત્મા ઉદયભાવના વિકારથી ત્રિકાળ ભિન્ન રહે છે. ભલે એ માને કે, હું આ ઉદયભાવરૂપ થઈ ગયો પણ તે કદી ઉદયભાવરૂપ થતો નથી. જ્ઞાયક ભાવ તો સદાય જ્ઞાયકભાવપણે જ રહ્યો છે. પ્રવચનસારની ૨૦૦મી ગાથામાં કહ્યું છે કે એણે પોતાને અન્યથા અધ્યવસિત કર્યો છે કે, હું શરીર અને રાગવાળો છુ. એવો ખોટો નિર્ણય અજ્ઞાનીએ ઊભો કર્યો છે પણ જ્ઞાયકભાવ કદી શરીર કે રાગરૂપ થતો નથી.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવથી પણ આત્મા ભિન્ન છે. ભવનો ભાવ એ કાંઈ આત્મા નથી, એ તો અનાત્મા છે.

આ તો સમયસાર નાટક છે. આ વાત સાંભળવા પણ ન મળે તે વિચારે કયારે! અરે! જિંદગી ચાલી જાય છે, મૃત્યુ સમીપ થતું જાય છે... આવા અવસર મળવા દોહ્યલા છે. ચક્રવર્તીની સંપદા મળવી સહેલી છે પણ આવા ચૈતન્યરસના ઘોલનના કાળ મળવા અનંતકાળે મહા દુર્લભ છે.

આ જીવદ્વારમાં જીવની વ્યાખ્યા કરી છે. જીવ તો તેને કહીએ કે જેમાં ચેતનાનો પ્રવાહ સર્વાંગમાં વહે છે. જેમ શેરડીમાં સર્વાંગે મીઠાશ છે, સાકરમાં સર્વાંગ મીઠાશ છે, મીઠાની ગાંગડી સર્વાંગ ખારી છે તેમ ચેતનમાં સર્વાંગ ચેતનરસ અનાદિથી ભરેલો છે. એવો ઠસોઠસ ચેતનરસ ભર્યો છે કે, અનંતકાળ સુધી કેવળજ્ઞાનની અનંત પર્યાયો થાય પણ તે રસમાં ખામી ન આવે, કમી ન થાય, અપૂર્ણતા ન થાય. અરે! તેનો અંદરથી વિશ્વાસ તો લાવ! સંદેહમાં ડામાડોળ રહીશ તો ચેતનનો અનુભવ નહિ થાય.

ભગવાન આત્મા ચૈતન્યરસથી ભરેલું તત્ત્વ છે. વિકલ્પનો રસ છે તે ચૈતન્યરસ નથી. ૨૧ પ્રકારના ઉદયભાવ છે તેનાથી આત્મા ખાલી છે. ઉદયભાવથી શૂન્ય અને ચેતનરસથી પૂર્ણ એવો આત્મા તે આત્મા છે અને એવા આત્માનો અનુભવ તે ધર્મ

છે. પણ, આવું ન સમજાય તો અમારે કરવું શું! એમ કરીને ક્રિયાકાંડ કરીને અજ્ઞાની ધર્મ થયાનો સંતોષ મનાવે છે પણ ભાઈ! ન સમજાય એમ કેમ બને!

મને ન સમજાય એવું તેં શલ્ય ધારી રાખ્યું છે. પોતાની જાત પોતાને ન સમજાય? પોતે પોતાને શા માટે ગોપવી રાખે! પોતાનું સ્વરૂપ જરૂર સમજાય તેવું છે પણ એવી કદી દરકાર જ કરી નથી.

જેમ મીઠાની ગાંગડી અને તેનો ખારો રસ જુદાં નથી માત્ર ગાંગડી અને રસ એમ નામભેદ છે તેમ ચૈતન્ય અને તેનો ચેતનરસ જુદા નથી માત્ર નામભેદ છે. આત્મા ચૈતન્યરસથી ભરેલો છે. આ તારા ઘરની વાત ચાલે છે ભાઈ! નિજઘરની ઓળખાણ વિના કદી ધર્મ થાય તેમ નથી.

ધર્મનો ધરનારો ધર્મી કેવો અને કેવડો છે એની ખબર વિના દશામાં ધર્મ ક્યાંથી થાય! બાહ્ય ક્રિયાકાંડમાં ધર્મ માનીને મનુષ્યપણા એણે ખોયાં છે. વીતરાગ સર્વજ્ઞપ્રભુનો પંથ એટલે કે સર્વજ્ઞસ્વભાવી તારા પ્રભુનો પંથ છે તેમાં-અંતરમાં જવું. તું સર્વજ્ઞ એટલે સર્વને જાણનાર સ્વભાવી છો. જ્ઞાનના રસથી ભરેલો છો.

**पूरन सरूप अति उज्वल विज्ञानघन।** ભગવાન આત્મા કેવો છે?— કે પરિપૂર્ણ સ્વરૂપ છે, અતિ ઉજ્જવળ-નિર્વિકાર છે, વિકારની વાસનાનો જેમાં અભાવ છે, વિજ્ઞાનઘન છે. જેમ શિયાળામાં જામેલાં ઘીમાં આંગળી તો પ્રવેશે નહિ પણ તાવિથો પેસવો પણ મુશ્કેલ પડે તેમ આત્મા એવો વિજ્ઞાનઘન છે કે, તેમાં દયા-દાનાદિ કોઈ પણ વિકલ્પનો પ્રવેશ થઈ શકતો નથી. આવો આત્મા મને પ્રગટ થાઓ! મલિનતા સર્વ હણીને સર્વજ્ઞપદને લેતો મારો આત્મા પ્રગટ થાઓ એવી ધર્મીને ભાવના હોય છે, ધર્મીને વ્યવહાર આવે છે એ જુદી વાત છે પણ વ્યવહાર કરવાની ભાવના હોતી નથી. વ્યવહાર કરવા જેવો છે એમ ધર્મી માનતા નથી. **मोकौ होहु प्रगट विसेस निरवारसौं**—મોહના અત્યંત ક્ષયપૂર્વક મારો નિર્વિકાર આત્મા મને પ્રગટ થાઓ. એવી જ ભાવના ધર્મીને હોય છે. આથી વિરૂદ્ધ ભાવના હોય તે ધર્મીની ભાવના નથી.

**विसेस निरवारसौं** એટલે રાગાદિ મોહનો વિશેષ પ્રકારે નાશ થઈને-સર્વથા નાશ થઈને, વિજ્ઞાનઘન આત્મા જેવો છે તેવો ક્ષાયિકભાવે પ્રગટ થાઓ એવી ધર્મીની ભાવના હોય છે.

જુઓ! એક એક કળશમાં કેટલું ભરેલું છે! પરિપૂર્ણ ભર્યું છે.

અમે સંપ્રદાયમાં બે-બે હજાર શ્લોક બે ત્રણ કલાકમાં કંઠસ્થ બોલી જતાં...

રાત્રે કોઈની સાથે વાતો ન કરીએ, બેસીને બધાં સાથે મળી મોઢે કરેલાં હોય એવા બે-બે હજાર શ્લોક એક સાથે બોલી જઈએ પણ આત્માની ઓળખાણ વિના તે શું કામનું? અમારાં ગુરુ તો એવા હતાં કે, ચોથા આરાના સાધુ કહેવાતાં પણ અરે! આ વાત એમના કાને ન પડી. મૂળ વસ્તુના જ્ઞાન વિના ક્રિયા ઘણી કરી. વર વગરની જાન જોડી દીધી.

અહીં કહે છે કે જ્ઞાની એવી ભાવના કરે છે કે મારી દશામાં સર્વ અશુદ્ધતા ટળીને ભગવાન આત્મા જેવો પૂર્ણ નિર્વિકાર છે તેવો મને પ્રાપ્ત થાઓ!

## □ તું પણ બહારથી સંકેલો કરી નાખ □

* સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો, તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા! દિગંબર સંતોની કોઈ પણ ગાથા લ્યો પણ સંતોની કથન શૈલી અલૌકિક છે! પરમાત્મા પરમેશ્વરે જે ધર્મ કહ્યો તેને દિગંબર સંતોએ ધારીને ઢંઢેરો પીટયો છે!

* ત્રણ લોકના નાથ પરમેશ્વર આમ ફરમાવે છે કે ભાઈ! તું તો અનંત આનંદસ્વરૂપ છો ને? અને તે પણ તારાથી તું તને અનુભવી શકે એવી ચીજ છો, તને પામર વિકલ્પોની કોઈ જરૂર નથી. ભીખારી પામર રાગની તને જરૂર નથી ભાઈ! એના ટેકાની તને જરૂર નથી ભાઈ! ભગવાન બોલાવે છે કે એલા! હાલ તને અનુભૂતિની પરિણતિ સાથે પરણાવીયે! પણ આ અનાદિનો ભીખારી, મારા વિકલ્પ ચાલ્યા જશે, મારો વ્યવહાર ચાલ્યો જશે, એમ એનો પ્રેમ છોડતો નથી તેથી અંદરમાં જઈ શકતો નથી ને ધોયેલ મૂળાની જેવો રાગ ને વ્યવહાર લઈને ૮૪ લાખ યોનિના અવતારમાં ચાલ્યો જાય છે.

—પૂજ્ય ગુરુદેવ

# □ વૈરાગ્યજનની : બાર ભાવના ▦

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

બાર ભાવનામાં આ છેલ્લી ધર્માનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. તીર્થંકરો પણ ગૃહસ્થપણામાં આ ભાવનાઓ ભાવે છે ને ચોથા-પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાને શ્રાવકો તથા મુનિઓ પણ આ ભાવના ભાવે છે. આ ભાવના તે સંવરનો પ્રકાર છે અને ભવ્યજનોને આનંદની જનેતા છે. આ ભાવના આસ્રવોને ઉત્પન્ન કરનારી નથી પણ સંવર અને આનંદની જનેતા છે. તો આસ્રવ રહિત સ્વભાવ કેવો છે ? અને તે સ્વભાવ કહેનારા દેવ-શાસ્ત્ર-ગુરુ કેવા છે તે ઓળખવાનું પણ આમાં આવી જાય છે. જેઓ આસ્રવથી લાભ મનાવતા હોય એવા કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુનું દાસપણું જે સ્વીકારે તે જીવ તો આસ્રવનો દાસ થયો, પણ આસ્રવ રહિત એવા સ્વભાવનો અને સર્વજ્ઞ ભગવાનનો દાસ તે ન થયો.

આત્માનો સ્વભાવ આસ્રવ રહિત છે તેના ભાનપૂર્વક સમ્યગ્દષ્ટિને આવી સંવરભાવના હોય છે.

જેમ મીઠી કેરી પાકે છે તેનું મૂળ તો આંબામાં છે તેમ આ બાર ભાવના તત્ત્વજ્ઞાનપૂર્વક હોય છે, તે તત્ત્વજ્ઞાનનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞદેવે જે સાધનથી તત્ત્વજ્ઞાન સાધ્યું અને વાણીમાં જે સાધન કહ્યું તેને ઓળખે, તેવા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખે, તેને જ યથાર્થ તત્ત્વની ભાવના હોય. કોઈ કહે કે અમે ઈશ્વરની ભક્તિ કરીએ છીએ. તો તેને પૂછે છે કે જેની તમે ભક્તિ કરો છો તે ઈશ્વર કેવા છે ? તો સામો કહે છે કે ભક્તોને મદદ કરે અને દુશ્મનનો સંહાર કરે એવા અમારા ઈશ્વર છે તો તે ઈશ્વર તો રાગી-દ્વેષી થયા અને રાગી-દ્વેષી જીવને ઈશ્વર માનીને ભક્તિ કરે તેને અતત્ત્વશ્રદ્ધાન છે. જેની ભક્તિ કરે તેનો તે દાસ થયો, રાગી-દ્વેષીની ભક્તિ કરે તો તે રાગ-દ્વેષનો જ દાસ છે. માટે રાગ-દ્વેષ રહિત સર્વજ્ઞદેવ કેવા હોય તેને પ્રથમ જ ઓળખવા જોઈએ.

વીતરાગતાનું પોષણ કરનારાં શાસ્ત્રો કેવા છે ? તે ઓળખે નહિ અને રાગ-દ્વેષના પોષક શાસ્ત્રોને જે માને તે જીવે તે શાસ્ત્રના કહેનારા એવા દેવ અને ગુરુને પણ રાગ-દ્વેષના પોષક માન્યા છે એટલે તેને દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી શ્રદ્ધા નથી. તેવા જીવને રાગ-દ્વેષ રહિત આત્માની શ્રદ્ધા થાય નહિ અને તેને આવી સંવર-ભાવના હોય નહિ.

ગારા-માટીના શીતળા બનાવીને લોકો કહે કે "હે શીતળામાતા! અમા
દીકરાનું રક્ષણ કરજો" એનો અર્થ શું થયો? કે મારા પોતામાં તો છોકરા
રાખવાની તાકાત નથી ને ગારા-માટીમાં તેવી તાકાત છે, એટલે પોતે તો ગારા-મા
કરતાં પણ હલકો થયો. અહીં તો કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની માન્યતા છૂટીને જેને ચિદાન
સ્વભાવની શ્રદ્ધા થઈ છે અને તેમાં અંશે એકાગ્રતા થતાં પાંચમાં ગુણસ્થાનની પડિ
પ્રગટી છે એવા શ્રાવકના ધર્મોનું વર્ણન છે.

અહીં પ્રોષધ ઉપવાસ નામની ચોથી પડિમાનું વર્ણન ચાલે છે. પહેલ
શિક્ષાવ્રતમાં પ્રોષધની વિધિ કહી હતી તે અહીં પણ જાણવી. ગૃહ-વ્યાપાર ભોગ-ઉપભોગન
સમસ્ત સામગ્રીનો ત્યાગ કરી એકાંતમાં જઈ સોળ પહોર ધર્મધ્યાનમાં વ્યતીત ક
અને અહીં વધારામાં આટલું સમજવું કે ત્યાં સોળ પહોરના વખતનો નિયમ કહ
ન હતો-અતિચારાદિ દોષ પણ લાગતા હતા. પરંતુ અહીં તો પ્રતિમાની પ્રતિજ્ઞા
તેથી સોળ પહોરના ઉપવાસનો નિયમ કરી અતિચાર રહિત પ્રોષધ કરે છે. આ પ્રોષ
પ્રતિમાના પાંચ અતિચાર છે. જે વસ્તુ જે કાળમાં રાખી હોય તેને ઊઠાવવી-મૂકવ
સૂવા બેસવાનો સંથારો કરવો એ બધું વગર દેખે-જાણે યત્નરહિત કરવું, આ પ્રમા
ત્રણ અતિચાર તો આ તથા ઉપવાસમાં અનાદર અપ્રીતિ કરવી અને ક્રિયાકર્મ
વિસ્મરણ કરવું આ પાંચ અતિચાર લાગવા દે નહીં. તે નિરતિચાર પ્રોષધોપવા
પ્રતિમા છે.

પ્રૌષધ ઉપવાસવાળા શ્રાવક શુદ્ધ આત્માનું ચિંતન કરે છે અથવા પંચપરમેષ્ઠ
તથા જિનબિંબ વગેરેનું ચિંતવન કરે છે. જુઓ, લગભગ ૨૨૦૦ વર્ષ પહેલાંનાં અ
શાસ્ત્રમાં સંત મુનિરાજે जिनभवन ની વાત મૂકી છે. આવા જિનભવન અને જિનબિંબ
જે ન માને તે સંતોનો વિરોધી છે, સર્વજ્ઞનો વિરોધી છે, તેને ધર્મનું ભાન નથ
ને ધર્મમાં નિમિત્તોનું પણ ભાન નથી.

જુઓ, સર્વજ્ઞદેવને માનનારાને કેવી શ્રદ્ધા હોય? કે બધું વ્યવસ્થિત થાય
એમ ન માનો તો સર્વજ્ઞ જ સાબિત નહિ થાય. અને જો વસ્તુની બધી પર્યાય
વ્યવસ્થિત જ થાય છે તો પછી નિમિત્તે શું કર્યું? બીજો તેમાં ફેરફાર શું કરે
વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે કે પર્યાયના આશ્રયે નવી પર્યાય પ્રગટે એ કાં
રહેતું નથી. એકલા સ્વદ્રવ્યનું જ અવલંબન રહે છે. વસ્તુસ્વરૂપની આવી શ્રદ્ધાપૂર્વ
શ્રાવકના ધર્મોનુ આ વર્ણન છે.

આગળ પ્રૌષધનું માહાત્મ્ય કહે છે :—

एकं अपि निरारम्भं उपवासं यः करोति उपशान्तः ।
बहुभवसञ्चितकर्म सः ज्ञानी क्षपति लीलया ॥ ३७७ ॥

અર્થ:- જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ, આરંભનો ત્યાગ કરી ઉપશમભાવ-મંદકષાયરૂપ થઈને એકપણ ઉપવાસ કરે છે તે ઘણાં ભવોનાં સંચિત કરેલા-બાંધેલા કર્મોને લીલામાત્રમાં ક્ષય કરે છે.

જગતના પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ વ્યવસ્થિત થાય છે. હું તેનો ફેરફાર કરનાર નથી, હું તો જાણનાર છું એમ જેણે નક્કી કર્યું તેની દૃષ્ટિ જ્ઞાનસ્વભાવમાં વળી ગઈ છે. તેથી તે જ્ઞાની છે. અકષાયદૃષ્ટિ અને સ્થિરતા દ્વારા આરંભનો ત્યાગ કરી એક પણ ઉપવાસ કરે છે તે શ્રાવક પણ ઘણાં ભવોનાં સંચિત કરેલાં ઘણાં કર્મોને લીલામાત્રમાં ક્ષય કરે છે. જ્ઞાનાનંદમાં સ્વસન્મુખપણે વસવું તે ઉપવાસ છે.

ભાવાર્થ:—મિથ્યાત્વ તે મૂળ કષાય છે. અકષાય શાંત જ્ઞાતા માત્ર સ્વરૂપમાં સાવધાન રહી, કષાય, વિષય અને આહારનો ત્યાગ કરી, અંતર આલંબનમાં જાગૃત રહી, આલોક-પરલોકના ભોગોની વાંછા છોડી, નિ:શલ્ય થઈ જો એક પણ ઉપવાસ કરે તો શુદ્ધિની વૃદ્ધિ વડે ઘણાં કર્મોની નિર્જરા કરે છે. તો પછી જે તેનાથી વિશેષ શુદ્ધિથી પ્રોષધ પ્રતિમા અંગીકાર કરી એક પક્ષમાં બે ઉપવાસ કરે તેના સંબંધમાં શું કહેવું ?

શ્રાવક ત્રણ શલ્યરહિત હોય છે (૧) મિથ્યાદર્શનશલ્ય (૨) નિદાનશલ્ય —આલોક તથા પરલોકના સુખની આશા (૩) માયાશલ્ય—કપટ; એ ત્રણ શલ્ય અખંડજ્ઞાન શાંતિની આરાધનામાં મહા વિઘ્નરૂપ છે તેથી તે ત્રણ શલ્યરહિત જ વ્રતિ હોય છે.

બહુ દુઃખ સહન કરે તો નિર્જરા થાય એમ માનનાર ધર્મને દુઃખદાતા માને છે. દુઃખ માને તો અશાતાકર્મ બંધાય છે. ધર્મમાં તો ઇચ્છા તૂટી નિરંતર અતીન્દ્રિય શાંતિનો લાભ છે. એવા શ્રાવક અલ્પરાગનું ફળ સ્વર્ગ પામી શીઘ્ર અવિનાશી મોક્ષસુખ પામે છે.

उपवासं कुर्वन् आरम्भं यः करोति मोहात् ।
सः निजदेहं शोषयति न उज्झति कर्मलेशं अपि ॥ ३७८ ॥

અર્થ:— જે ઉપવાસ કરી ઘરકાર્યના મોહથી ઘરસંબંધી આરંભ કરે છે તે નિજદેહને માત્ર સૂકવે છે તેને શુભભાવ પણ નથી તો નિર્જરા તો ક્યાંથી થાય? ન જ થાય. મહામુનિ કાર્તિકસ્વામીને શ્રીમદ્ રાજચંદ્ર યાદ કરી બહુમાન કરતા હતા કે

અહો ! તે સ્વામી કાર્તિકેયને નમસ્કાર. વ્યાપાર પ્રસંગે મદ્રાસ તરફ જવું થયું હતુ ત્યાં નગ્ન ડુંગરા દેખીને નગ્ન અડોલ દિગંબર સંતપ્રતિની યાદ આવતી હતી

આગળ સચિત્તત્યાગપ્રતિમા કહે છેઃ—

सचित्तं पत्रं फलं त्वक् मूलं च किशलयं बीजम् ।
यः न च भक्षयति ज्ञानी सचित्तविरतः भवेत् सः तु ॥ ३७९ ॥

અર્થઃ— જે જ્ઞાની સમ્યગ્દષ્ટિ શ્રાવક, પત્ર, ફળ-છાલ, મૂળ-કુપળ અને બીજ એ સચિત્તને ભક્ષણ કરતો નથી તેને સચિત્ત-વિરતિ શ્રાવક કહે છે.

ખાવાનું છોડવું કે દેખાવું-તે વાત નથી. જડની ક્રિયા કોઈ જીવ કરી શકતો નથી. સચિત્તના ત્યાગની મુખ્યતા નથી. અંદર વીતરાગતાનું ઘોલન વધતાં શુદ્ધિની ભૂમિકામાં સહેજે એવા અશુભરાગનો ત્યાગ થઈ જાય છે. જે જ્ઞાની સમ્યગ્દષ્ટિ શ્રાવક, પાંદડાંવાળાં શાકભાજી છાલ-મૂળ-કુપળ અને બીજ, કાચું અન્નપાણી વગે સચિત્તને સીધી રીતે ભક્ષણ કરે નહીં તેને સચિત્ત-વિરતિ શ્રાવક કહે છે.

નિશ્ચય શુદ્ધિ વિના બાહ્ય ત્યાગ માત્રમાં પ્રતિમા માનનારા કહે છે કે ચરણાનુયોગ અનુસાર અમારે અમુક પડિમા છે; તો તે જૂઠા છે. કેમકે પ્રતિમા તો નિશ્ચય શુદ્ધિની ભૂમિકા અનુસાર છે.

પરની હિંસા અને સચિત્તભક્ષણ કોઈ આત્મા કરી શકતો નથી પણ તે સંબંધી રાગનો ત્યાગ થતાં નિમિત્તથી કથન છે કે આનો ત્યાગ છે.

શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૨૨૪ માં કહ્યું છે કે સુકાવેલી, પકાવેલી ખટાશ વા લવણથી મેળવેલી યંત્રથી છિન્નભિન્ન કરેલી તથા શોધેલી એવી બધી લીલોતરી પ્રાસુક એટલે જીવરહિત અચિત્ત થાય છે.

यः न च भक्षयति स्वयं तस्य न अन्यस्मै युज्यते दातुम् ।
भुक्तस्य भोजयिष्यतः हि नास्ति विशेषः यतः कः अपि ॥ ३८० ॥

અર્થઃ—વળી જે વસ્તુ પોતે ખાતો નથી તે અન્યને આપવી પણ યોગ્ય નથી કારણ કે ખાવાના ને ખવડાવવાના રાગમાં કાંઈ ફેર નથી. કૃત કારિત તથા અનુમોદનનું ફળ સરખું છે. કાચું પાણી, નાગરવેલના પાન વગેરે કોઈ સચિત્ત વસ્તુનો જો પોતાને ત્યાગ હોય તો બીજાને તે ન આપે. એવા રાગનો ત્યાગ પાંચમી પ્રતિમામાં હોય છે. [ ક્રમશઃ ]

# ભાઈ ! તારા ભગવાનને દેખવાનો પ્રયત્ન કર

* બીજા છોકરાને ભણવા જતાં દેખી પોતે પણ ભણવા જાય, બીજાને વેપાર કરતાં દેખે એટલે પોતે પણ વેપાર કરવા લાગે, બીજાને લગ્ન કરતાં દેખે એટલે પોતે પણ લગ્ન કરે—એમ બીજાને કરતાં જોઈ જોઈ પોતે પણ તેમ કરવા માંડે. અહો ! જગત દેખાદેખી કરવામાં ટેવાઈ ગયું છે. અરે ! સમ્યગ્દૃષ્ટિ હોય તેને પણ વેપાર કરતાં દેખે, લગ્ન કરતાં દેખે, પૂજા–ભક્તિ આદિ કરતાં દેખે એટલે એ દેખાદેખીએ પોતે પણ તેમ કરવા માંડે, પણ સમ્યગ્દૃષ્ટિ તો અંદરમાં ભગવાનને દેખે છે એને તું દેખને ! તારા અંતરમાં રહેલાં ભગવાનને દેખવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો છે ? ભાઈ ! તારા ભગવાનને દેખવાનો પ્રયત્ન કરવા જેવો છે. ભગવાનને દેખવાની દેખાદેખી કર તો તારું ભવભ્રમણ ટળશે.

* અરે, બાપુ ! જેમ છે તેમ તને કેમ ભાસતું નથી ! તને તારાથી જુદા છે તે જુદા કેમ ભાસતા નથી ? જુદા છે તે જુદા ભાસતા નથી તો તને સુખ થાય શી રીતે ? માટે હે ભદ્ર ! સ્ત્રી–પુત્ર આદિને તું હિતરૂપ માની રહ્યો છે પણ તે સર્વથા ભિન્ન સ્વભાવવાળા હોવાથી તેમનામાં તારી આત્મબુદ્ધિ કેમ છે ? જો સ્ત્રી આદિ તારા હોય તો તારા રહેવા છતાં તેઓ અન્ય અવસ્થાને કેમ પ્રાપ્ત થાય ? જો તારા હોય તો તારી હયાતીમાં અવસ્થાંતર થઈને ચાલ્યા કેમ જાય ? એટલો વિચાર તો કર ! માટે મોહજનિત આવેશને હઠાવીને, તું અને પર જુદે જુદા છો એમ દેખ ! તો તને સ્વપર વિવેક થાય ને દુઃખ મટીને સુખ પ્રગટ થાય.

—પૂજ્ય ગુરુદેવ

## 卐 પુસ્તકોમાં કાયમી કમીશન 卐

(૧) ૧૦ % કમીશન શ્રી કળાબેન હસમુખભાઈ વોરા તરફથી

(૨) ૧૫ % કમીશન શ્રી સ્વ. જયંતીલાલ ચત્રભૂજ દોશીના સ્મરણાર્થે, હસ્તે [illegible]બેન, U. S. A. તરફથી

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર (૧૯મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૧૫ થી ૮-૧૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી અષ્ટપાહુડ ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

* ધાર્મિક શિક્ષણવર્ગ:—નાતાલની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૩ થી ૨-૧-૯૪—દસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

* પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર તેમ જ નૂતનવર્ષનો દિન જિનેન્દ્ર-પૂજન-વિધાન, જિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાન ઉપાસના વગેરે વિવિધ કાર્યક્રમ દ્વારા સાનંદોલ્લાસ ઉજવાયો હતો.

દિવાળી પહેલાંના દિવસોમાં અને પછીના દિવસોમાં, શ્રી સમયસાર પરમાગમની ગાથા-૩૨૦ ઉપરની શ્રી જયસેન-આચાર્યકૃત ટીકા ઉપર ૧૨ દિવસ સુધી, સ્વાનુભ

પ્રેરણામૂર્તિ, માર્ગપ્રકાશક પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં દ્રવ્યદૃષ્ટિના મૂળભૂત વિષયને અનેક શાસ્ત્રોની દ્રવ્યદૃષ્ટિપ્રધાન કેટલીય ગાથાઓના આધારનું અનુસંધાન મેળવી મેળવીને, ઈ. સ. ૧૯૬૦ના પ્રૌઢ શિક્ષણવર્ગ દરમ્યાન અત્યંત છણાવટપૂર્વક હિન્દીમાં થયેલાં પ્રવચનો સાંભળીને ઉપસ્થિત શ્રોતાગણને અત્યંત પ્રસન્નતા થઈ હતી. પ્રૌઢ શિક્ષણવર્ગનો લાભ લેવા વિશાળ સંખ્યામાં પધારેલ મહેમાનોની હાજરીમાં, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના દૃષ્ટિપ્રધાન ઘોલનયુક્ત પ્રવચનોમાં અનેક ગાથાઓના આધાર આપીને દૃષ્ટિના વિષયની અત્યંત છણાવટ કરી હતી. આ પ્રસંગે રાજકોટ નિવાસી શ્રી પ્રભુલાલ મોહનલાલ ધીયા તરફથી દિવાળી પહેલાંના દિવસોથી પૂજ્ય ગુરુદેવશ્રીની સમાધિતિથિ—તા. ૬-૧૨-૯૩ સુધી ૧૨ પ્રવચનોના સેટ ઉપર ૨૫% ડિસ્કાઉન્ટ જાહેર કરીને તેમ જ સોનગઢ નિવાસી સમરતબેન ભીખાલાલ શાહ, હસ્તે શ્રી હીરાભાઈ તરફથી જે કોઈ મુમુક્ષુમંડળને પોતાના મંડળ માટે આ સેટ વસાવવો હોય તેમને રૂા. ૨૪૦ને બદલે માત્ર રૂા. ૧૦૦/—માં આપવાનું જાહેર કરીને પૂજ્ય ગુરુદેવશ્રીના દરેક અનુયાયીઓ આ પરમ અધ્યાત્મના રહસ્યનો મર્મ પામે એવી પોતાની ભાવના પ્રગટ કરી હતી.

### * આ મંગળ પ્રસંગે કાયમી મંડળવિધાનપૂજા *

૧. પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બેનશ્રી ચંપાબેન, સોનગઢ

૨. બ્ર. ચંદુલાલભાઈ ઝોબાળિયાના પિતાશ્રી સ્વ. શ્રી ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયાની પુણ્ય સ્મૃતિ અર્થે, સોનગઢ

૩. શ્રી નવલચંદભાઈ જગજીવનભાઈ શાહ હસ્તે મુક્તાબેન, સોનગઢ

૪. જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર, મુંબઈ

૫. શ્રી ત્રિવેણીબેન નરોત્તમદાસ શાહનાં સ્મરણાર્થે હસ્તે નિર્મળાબેન ઉદાણી, પાર્લા તથા શ્રી મંજુલાબેન શીવલાલ ડગલી, બોટાદ

૬. શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ શાહ પરિવાર, નાઈરોબી
હસ્તે શ્રી અજીતભાઈ તથા કિશોરભાઈ

૭. શ્રી અરૂણભાઈ પૂનમચંદભાઈ દોશી, મુંબઈ હસ્તે કિરણભાઈ જેતપુરવાળા

### * પ્રાસંગિક મંડળવિધાનપૂજા *

૧. શ્રી મનસુખલાલ હરીલાલ દોશી, મુંબઈ હસ્તે પુષ્પાબેન

૨. બ્ર. કોકીલાબેન તથા રૂપાબેન, સોનગઢ

૩. શ્રી કિરણભાઈ હરખચંદભાઈ શાહ હસ્તે જયશ્રીબેન, નાઈરોબી

૪. સ્વ. નવીનચંદ્ર દામોદરદાસ મોદીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે, અમદાવાદ હસ્તે ચિદ્રુપ યોગેશભાઈ

—તરફથી રાખવામાં આવી હતી.

## * પુસ્તકોમાં કમીશન *

(૧) ૧૦% કમીશન શ્રી કળાબેન હસમુખભાઈ વોરા તરફથી

(૨) ૧૫% કમીશન સ્વ. જયંતીલાલ ચત્રભૂજ દોશીના સ્મરણાર્થે હસ્તે હીનાબેન U. S. A. તરફથી

(૩) ૧૫% કમીશન શ્રી સપાણી પરિવાર મદ્રાસ-હૈદ્રાબાદ, હસ્તે શ્રી શારદાબેન શાંતિલાલ શાહ, સાયન તથા કનકબેન અનંતરાય શેઠ, સાયન

તદુપરાંત, ફોટાઓમાં ૧૦% કમીશન શ્રી રમીલાબેન ઇન્દ્રવદનભાઈ શાહ, મુંબઈ તરફથી રાખવામાં આવ્યું હતું. —*—

* કાર્તિકી નંદીશ્વર-અષ્ટાહ્નિકા તા. ૨૧-૧૧-૯૩ થી તા. ૨૯-૧૧-૯૩ સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર-વિધાનપૂજા તેમ જ ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમો પૂર્વક ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે કાયમી પૂજા:—

( અંક નં. ૬૦૦ ઉપરાંત ) (૫) સ્વ. શ્રી રવિચંદભાઈ વિક્રમચંદ સંઘવી હસ્તે જ્યોત્સનાબેન, વાંકાનેર ( હાલ મદ્રાસ )

(૬) શ્રી સરલાબેન રજનીકાંતભાઈ ગોસળીયા હસ્તે અંકુરભાઈ રજનીકાંત ગોસળીયા, વોશીંગ્ટન

(૭) શ્રી ચંદ્રકાંતભાઈ ઉજમશીભાઈ મહેતા, મુંબઈ

(૮) શ્રી કળાબેન હસમુખભાઈ પોપટલાલ વોરા, મુંબઈ

(૯) નવલચંદભાઈ જગજીવનદાસ શાહ, હસ્તે મુક્તાબેન, સોનગઢ

તેમ જ પ્રાસંગિક મંડળવિધાનપૂજા:—

૧. શ્રી હેમકુંવરબેન કાનજીભાઈ મોરબીવાળા, હાલ સોનગઢ

૨. શ્રી ચંદનબેન પી. બેંકર, અમદાવાદ

૩. શ્રી સરસ્વતીબેન ચંદુલાલ ડગલી, કોચીન તથા શ્રી કાંતાબેન છોટાલાલ, પુના

—તરફથી રાખવામાં આવી હતી. —*—

* ગુરુ-ઉપકાર-સ્મૃતિના ૧૩માં વાર્ષિક અવસરે બહારગામથી મુમુક્ષુભક્તો પૂજ્ય ગુરુદેવની સાધના તેમ જ સમાધિભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી તીર્થધામના દર્શનનો, ગુરુદેવ પ્રતિ ભક્ત્યંજલિ સમર્પિત કરવાનો તથા અધ્યાત્મ-તત્ત્વજ્ઞાનનો લાભ લેવા આવ્યા હતા. પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી-જિનમંદિર તથા પ્રવચનસમયે શ્રી સ્વાધ્યાયમંદિર મુમુક્ષુઓથી ભરાઈ જતાં હતાં. આ પ્રસંગે ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સવારે તથા સાંજે—આધ્યાત્મિક અને વૈરાગ્યમય ટેપ-પ્રવચનો રાખવામાં આવ્યા હતા. બપોરે શાસ્ત્રવાંચન રાખવામાં આવ્યું હતું. રાત્રે વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની યાત્રાના પ્રસંગો બતાવ્યા બાદ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા બતાવવામાં આવતી હતી. સવારે ટેપ-પ્રવચન બાદ અને બપોરે શાસ્ત્રવાંચન બાદ આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા અનુક્રમે મંડલ-વિધાન-પૂજા અને જિનેન્દ્રભક્તિ કરાવવામાં આવતા હતા. આ વાર્ષિક સમાધિદિન નિમિત્તે કાયમી મંડલ વિધાન પૂજા—

સ્વ૦ શ્રી રતિલાલ હરગોવિંદદાસ મોદીના સ્મરણાર્થે સોનગઢ, હાલ-ઘાટકોપર હા. ચંપાબેન રતિલાલ તરફથી રાખવામાં આવી હતી. —※—

## * શ્રી સમયસાર ગાથા ૩૨૦ ઉપર ૧૨ પ્રવચનો *

પરમાગમ શ્રી સમયસારની ગાથા ૩૨૦ની શ્રી જયસેનાચાર્યકૃત 'તાત્પર્યવૃત્તિ' ટીકા ઉપર, ઈ. સં. ૧૯૭૦માં પ્રૌઢ શિક્ષણવર્ગ દરમ્યાન પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૧૨ પ્રવચનો હિન્દીમાં થયા છે. આ ૧૨ પ્રવચનોની કેસેટના સેટના રૂ. ૨૪૦ થાય છે. જે કોઈ મુમુક્ષુમંડળે દૃષ્ટિના મૂળ વિષયભૂત આ આધ્યાત્મિક પ્રવચનોનો સેટ વસાવવો હોય તેમને સોનગઢ નિવાસી શ્રી સમરતબેન ભીખાલાલ શાહ, દેહગામ હસ્તે શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ તરફથી રૂ. ૧૦૦/-માં આપવામાં આવશે. નીચેના એડ્રેસ પર મંડળે પોતાનો ઓર્ડર લખી મોકલવો—

શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ,<br>
૫૭/૫૮, કહાનનગર સોસાયટી,<br>
સોનગઢ-૩૬૪૨૫૦, જિલ્લો ભાવનગર

વૈરાગ્ય સમાચાર—

* સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી નવનીતલાલ સી. જવેરીના ધર્મપત્ની શ્રી વિમળાબેન જવેરીનો (વર્ષ-૮૦) તા. ૧૬-૧૦-૯૩ના રોજ સ્વર્ગવાસ થયો છે.

* ઘુઘરાળાનિવાસી (હાલ સોનગઢ) શ્રી પ્રભાબેન શામળજી (વર્ષ-૭૫) તા. ૨૭-૧૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

## વૈરાગ્ય સમાચાર

* સાયલા નિવાસી (હાલ અમલનેર) શ્રી શાંતિલાલ શિવલાલ દોઢીવાલા (વર્ષ ૭૨) સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગર નિવાસી શ્રી હીરાલાલ હેમચંદ વોરા (શ્રી ચીમનલાલ હેમચંદ વોરાના નાના ભાઈ) (વર્ષ ૭૯) તા. ૧૨-૯-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કરાંચીવાળા શ્રી મરઘાબેન નાગરદાસ ગાંધી (વર્ષ ૮૮) તા. ૯-૧૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

* શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં દૃષ્ટાંત આવે છે કે એક પાગલ હતો, ગામ બહાર નદી કિનારે બેઠો હતો. ૯ વાગ્યે ત્યાંથી કોઈ રાજા સૈન્ય લઈને નીકળ્યો ને આહાર-પાણી માટે નદી કિનારે પડાવ નાખ્યો. ત્યાં પાગલ કહે ઓહોહો! માણસો આવ્યા! આ મારું સૈન્ય આવ્યું! આ મારા ઘોડા ને હાથીઓ આવ્યા! પછી ભોજન કરીને રાજા સૈન્ય લઈને આગળ ચાલતો થયો ત્યાં પાગલ કહેવા લાગ્યો કે મને પૂછયા વિના કયાં ચાલ્યા? ત્યારે પેલા કહે કે આ પાગલ લાગે છે. અમે તો અમારા કારણે આવ્યા હતા ને અમારે લઈને જઈએ છીએ, તારો અમારા ઉપર શું અધિકાર છે? પાગલ કહે કે હું પહેલાં અહીં બેઠો હતો ને પછી તમ આવ્યા ને? તો પૂછયા વિના કેમ ચાલ્યા જાઓ છો? તેમ એક આત્મા બીજા ભવમાંથી અહીં જન્મ્યો, મોટો થયો ને પછી પૂર્વના પુણ્યના નિમિત્તે સ્ત્રી-પુત્ર-લક્ષ્મી-આબરૂ આદિ આવ્યા. પણ જ્યાં તેઓ પોત પોતાની મુદ્દત અનુસાર ચાલ્યા જવા માંડયા ત્યાં કેમ ચાલ્યા જાય છે?-એમ સ્ત્રી-પુત્રાદિ પાછળ માથા ફોરે! પણ ઈ કયાં તારા લઈને આવ્યા હતા? તેની સ્થિતિને લઈને તેઓ આવ્યા હતા ને તેની સ્થિતિ પુરી થતાં તેઓ ચાલ્યા જાય છે; તારા કારણે તેઓ આવ્યા જ નથી ને તારા કારણે તેઓ જતા જ નથી. —પૂજ્ય ગુરુદેવ

—o—

# * ગુરુ-જ્ઞાન-સાગરનાં અણમૂલાં રત્નો *

[ ગતાંકથી ચાલુ ]

* ત્રણ લોકના પ્રાણી જેમને ધ્યાવે છે, પૂજે છે, વંદે છે. તે જ પરમાત્મા પરમાર્થે આત્મા છે. હું જ ત્રિલોક પૂજ્ય પરમાત્મા જિનેન્દ્ર છું એમ ભ્રાંતિ રહિતપણે જાણવું જોઈએ. અરે ભાઈ સા'બ ! હું કાંઈ ભગવાન હોઉં ! પણ બાપુ ! એવું જ વસ્તુસ્વરૂપ છે. આવો શુદ્ધ ભગવાન આત્મા ત્રણલોકમાં પૂજ્ય પુરુષોને પણ પૂજ્ય છે. ગણધરો આદિ પૂજ્ય સંતો છે તેને પણ પૂજ્ય આત્મા છે. નમન કરવાલાયક જે મુનિઓ આદિ છે તેમને પણ નમન કરવાલાયક આત્મા છે. ૮૯.

* ભગવાન જિનસ્વરૂપ પોતે જ છે, તેમાં જિનસ્વરૂપ સિવાય જેટલા બોલ ઉઠે તે બધા જિનસ્વરૂપે નથી. તેથી વિકલ્પો, વાણી, જાણપણાનો કે વ્યવહારનો મહિમા ને અધિકતા થઈ જાય અથવા બીજાને આવું હોય તેને અધિક માને તે ભૂલમાં પડયો છે. ભગવાન આત્મા જિન એટલે કે સંસારવિજયી જિનેન્દ્ર છે. વિકલ્પ અને એના અભાવસ્વરૂપ જિનેન્દ્ર છે અરે ! શાસ્ત્રના ભણવાના ભાવથી પણ મુક્ત એવો જિનેન્દ્ર છે એવા જિનેન્દ્ર પ્રભુનું નિર્વિકલ્પ દૃષ્ટિથી ધ્યાન કરવું, નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા જ્ઞેય કરવો ને એમાં ઠરવું તે શિવલાભનો હેતુ છે. ૯૦.

* ભગવાન આત્મા પોતે જિનદેવ છે. સાચો જિન આત્મા છે. સમવસરણમાં બિરાજમાન ભગવાન તારા માટે તો વ્યવહાર જિન છે. તારે માટે આત્મા પોતે વીતરાગી બિંબ પરમેશ્વરદેવ જિન છે. અંદરમાં જિનસ્વરૂપ છે તે તારા માટે જિન છે. સમવસરણમાં વાણી નીકળે ને વાણી સાંભળવા આવે, એ જિનદેવનો ને આત્માને કાંઈ સંબંધ છે ? તું પોતે સાચો જિન છે. વસ્તુસ્વરૂપે વીતરાગબિંબ ભગવાન છો, એને જાણ ને અનુભવ—એટલું બસ ! આવા આત્માને જિન તરીકે સ્વીકાર ! વીતરાગી બિંબ પ્રભુ આત્મા હું પોતે છું—એમ તું તને અનુભવ. રાગ, વાણી, વાંચન, લેવું-દેવું કે પુણ્યપ્રકૃતિમાં જો ક્યાંય અધિકાઈ મનાઈ ગઈ હો તો તેં જિનસ્વરૂપ આત્મામાં અધિકાઈ માની નથી. ૯૧.

## 卐 તારી પ્રભુતાનો વિશ્વાસ કર 卐

❀ અનાદિથી આ જીવે, હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરી નથી. પોતાની પ્રભુતાનો તેણે કદી વિશ્વાસ કર્યો નથી. વર્તમાન વર્તતી પામર દશા વખતે જ હું શક્તિપણે પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છું એમ તેને ભાસ્યું નથી.

—સ્વાનુભવમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 ' Licensed to
Post without prepayment '

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-